'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રાક્ષરોનો મહિમા

॥ ૧ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

મંત્રચૈતન્ય એટલે દેવ - ગુરૂ - આત્માની એકતાની અનુભૂતિ.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રાક્ષરોનો મહિમા

|| ૧ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

મંત્રચૈતન્ય એટલે દેવ - ગુરૂ - આત્માની એકતાની અનુભૂતિ.

- **PARAM BHADRANKAR MANTRAKSHARO NO MAHIMA**

  Personal Diaries comprising of Divine thoughts regarding Science of Mantras by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 1 / 7**

  Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhiya (Parasbhai)
  Halar | London


---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ બાહ્ય સુખસામગ્રીના સાધન નહીં પણ આત્મા સાથે સંબંધ કરાવી આપનાર એક ઉત્તમ સાધન તરીકે અહીં 'મંત્ર'ની ઓળખાણ આપીને (૧) ગુરૂ (૨) મંત્ર (૩) દેવતા (૪) આત્મા (૫) મન (૬) પવનની એકતા થવાથી મંત્ર સિદ્ધ થઈ તેનું મંત્રચૈતન્ય પ્રકટ થાય છે, એમ આ ભાગના અંતમાં બતાવ્યું છે. સાધકાત્માઓની સાધનાની પૂર્ણતામાં સહજ ભાવે જે શબ્દો સરી પડે, તે મંત્રસ્વરૂપ જ બની જતાં હોય છે.

મંત્રના સ્મરણ વખતે જો ભાવ-પ્રાણની એકતા સધાય, રસાસ્વાદ અનુભવાય, તો તેનું ફળ ડગલે ને પગલે મળે. સુષુપ્ત આંતરશક્તિને જગાડે, તે ચૈતન્યમંત્ર. એવા મંત્ર તુરંત ફળ આપે છે. જેના મંત્રો જપીએ, મનમાં તેનું સ્વરૂપ વિચારવું, તે જ મંત્રાર્થચિંતન છે. આવા સિદ્ધ-શાશ્વત-ચૈતન્ય અંશને સ્પર્શતા ભાવો સાહેબજીએ સ્વયં સિદ્ધ કરેલ હતાં, તેથી જ અનેકોના જીવન માટે ઉપકારક બની રહ્યાં.

મંત્રચૈતન્યના ભાવોને સ્પર્શાવનારા લંડનસ્થિત શ્રી જયાબેન ચુનીલાલ દોઢિયા પરિવારના પરમગુરૂભક્ત શ્રી **પારસભાઈ**ની અર્થસહાય ઉપરાંત રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નાં હૃદયમાં રહેલ આ જ્ઞાનખજાના પ્રત્યેના અનહદ બહુમાનને જ આ ભાગ માટે શ્રેય છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

## બ્રાહ્મી લિપિના

## શ્રી નવકાર મહામંત્ર

𑀡𑀫𑁄 𑀅𑀭𑀺𑀳𑀁𑀢𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀲𑀺𑀤𑁆𑀥𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀆𑀬𑀭𑀺𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀉𑀯𑀚𑁆𑀛𑀸𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀮𑁄𑀏 𑀲𑀯𑁆𑀯𑀲𑀸𑀳𑀽𑀡𑀁
𑀏𑀲𑁄 𑀧𑀁𑀘𑀡𑀫𑁄𑀓𑁆𑀓𑀸𑀭𑁄
𑀲𑀯𑁆𑀯𑀧𑀸𑀯𑀧𑁆𑀧𑀡𑀸𑀲𑀡𑁄
𑀫𑀁𑀕𑀮𑀸𑀡𑀁 𑀘 𑀲𑀯𑁆𑀯𑁂𑀲𑀺𑀁
𑀧𑀠𑀫𑀁 𑀳𑀯𑀇 𑀫𑀁𑀕𑀮𑀁

## મંત્રસાધનામાં મંત્ર - યંત્ર - તંત્ર એટલે શું ?

શાસ્ત્રમાન્ય શબ્દસમૂહ અથવા વર્ણ-વિન્યાસ, જેમાં
જાપ આદિનો સમાવેશ થયેલો હોય, તે મંત્ર છે.

બિંદુ, રેખા, ત્રિકોણ, વૃત્ત ઇત્યાદિ આકારોનો
ચોક્કસ નિયમાનુસાર વિન્યાસ થયો હોય, તે યંત્ર છે.

દેવતાઓની ઉપાસનાની શાસ્ત્રીય ક્રિયાત્મક વિધિ
જેમાં જણાવી છે, તે તંત્રશાસ્ત્ર છે.

મંત્ર એ ઉપાસ્યદેવતાનો આત્મા છે,
યંત્ર એ ઉપાસ્યદેવતાનું શરીર છે અને
તંત્ર એ ઉપાસ્યદેવતાનું મન છે.

મંત્ર = નમો અરિહંતાણં, યંત્ર = ॐ ह्रीं अर्हं,
તંત્ર = નમઃ પૂજાર્થ: ।

તન જેના વડે વિસ્તરાય, તે તંત્ર.
તેના બે વિશિષ્ટ અંગ છે: યંત્ર અને મંત્ર.
યંત્ર અને મંત્ર એટલે...
યમ-સંયમ, નિયંત્રણ યા વિસ્તૃત શાસ્ત્રનું કેન્દ્રીકરણ.

## મંત્ર તથા યંત્રની સાચી સમજ

મંત્ર: અનાહત પશ્યંતી કેરા જ્યારે બ્રહ્મરંધ્રને પ્રાપ્ત થાય,
ત્યારે તેને દેવસંજ્ઞા પ્રાપ્ત થાય છે.
એ આત્માની પોતાની જ પશ્યંતી અને પરાવાણી છે.
બધા પૂજ્ય પદોમાં તે અનુગત છે, તે જ અનુસંધેય છે.
નવપદો સાલંબન છે, અનાહત નિરાલંબન છે.
સાલંબનમાંથી નિરાલંબનમાં જવાનું છે.

યંત્ર: તે એક જાતનું ખાનાનું ચક્ર છે, તેની ગતિ
કેન્દ્રગામી છે, બધાં જ યંત્રો - કેન્દ્રમાં જવા માટે છે.
કેન્દ્ર તે આત્મા અથવા આત્મશક્તિ છે
અને તે જ અનાહત છે. તેને શિવ, શક્તિ, જિન,
બુદ્ધ, નિરંજન આદિ પદો વડે ઓળખાવવામાં આવે છે.
મંત્ર-યંત્રાદિ સાધનો વડે આત્મશક્તિ આંદોલિત કરવામાં
આવે છે. તે આંદોલિત થાય, ત્યારે કાર્યસિદ્ધિ બને છે.

* અન્ય મંત્રો સિદ્ધ કરવાના હોય છે, જ્યારે
સિદ્ધચક્ર યંત્ર સ્વયંસિદ્ધ છે.

## મંત્ર - તંત્ર - યંત્રના માહાત્મ્યનું મૂળ શું ?

નવકાર એ મંત્ર છે, સિદ્ધચક્ર એ યંત્ર છે અને
આરાધનાની ક્રિયા એ તંત્ર છે.

સર્વ મંત્ર, યંત્ર, તંત્રોનું મૂળ આ નવકાર છે, કારણ કે
તેમાં વિશ્વપ્રેમ છે, વિશ્વજીવો પ્રત્યે ભક્તિભાવ છે.

મંત્ર = વિશિષ્ટ અક્ષરોનું સંયોજન, જેમાં દૈવીશક્તિ
અધિષ્ઠિત હોય છે, જે જપના પ્રભાવે જાગૃત થાય છે.
જપાત્ સિદ્ધિઃ ન સંશયઃ । મંત્ર એ યંત્રમય હોય છે,
તેમાં મંત્રદેવતાની સ્થાપના કરવામાં આવેલી હોય છે.
યંત્રમાં દેવ તથા દેવીના મંડળો પણ પોતાનું વિશિષ્ટ
મહત્ત્વ ધરાવે છે. દેવાધિદેવની તે બાહ્ય સ્થૂળશક્તિ છે.
તે વડે દેવાધિદેવની દિવ્યશક્તિનું ભાન થાય છે.
પુણ્યપદોની શક્તિને સમજવાનું તે અનન્ય સાધન છે.

જેમ યંત્રના સંગાથે પાણી ઉપર આવે છે, તેમ
મંત્રના સંગાથે મન પરમાત્મા સુધી પહોંચી શકે છે.
'મંત્રા યંત્રમયાઃ પ્રોક્તાઃ ।' યાને મંત્રો યંત્રમય કહેલાં છે.

## 'તંત્ર' શબ્દનો અર્થ

જેના વડે મંત્રના અર્થનું વિસ્તારપૂર્વક નિરૂપણ થાય
અને તે દ્વારા ભક્ત રક્ષા થાય, તે તંત્ર.
તેને શાસ્ત્ર, સિદ્ધાંત, અનુષ્ઠાન કે વિજ્ઞાન પણ કહેવાય છે.
આગમ અને તંત્ર પર્યાયવાચી છે. જેમાં ભક્તિ અને
મુક્તિના ઉપાય દર્શાવ્યાં હોય, તે 'આગમ' છે.
મનને નિયંત્રિત કરવાનો વૈજ્ઞાનિક ઉપાય યંત્ર છે.
મનને નિયંત્રણ કરે, તે યંત્ર.
મનનું રક્ષણ કરે, તે મંત્ર.
મનનો વિસ્તાર કરે, તે તંત્ર.
તંત્ર અને મંત્રશાસ્ત્ર પરમાત્માના સ્થાને છે.
તંત્ર શબ્દ શાસ્ત્રવાચક અને વિજ્ઞાનવાચક પણ છે.
'તંત્ર' એટલે મંત્રદેવતાના પૂજનનું વિધિવિધાન.
મંતરજંતર અથવા જંતરમંતરનો અર્થ પણ
મંત્ર અને યંત્ર થાય છે.
માનસજાપ વડે મન મંત્રમય બને = મંત્રચૈતન્ય પ્રકટે.

તંત્ર એ મંત્રના રૂપમાં ચિદાત્માની શક્તિઓ છે.

તંત્રનું સાધ્ય : કુંડલિનીશક્તિને સહસ્રારમાં શિવ સાથે મિલન કરાવી સમરસતા પ્રાપ્ત કરાવવી, તે છે.

વેદ એ જીવાત્મા, દર્શનશાસ્ત્ર એ જ્ઞાનેન્દ્રિયો, પુરાણ-શાસ્ત્ર એ સ્થૂલશરીર અને સ્મૃતિઓ વિભિન્ન અંગ છે.

જીવાત્મા સત્વર સુદૃઢ સુખ અને શાંતિ તેમ જ ચૈતન્ય અને આનંદની શોધ બહાર કરતો હતો, પરન્તુ બહારનાં સુખ-સાધનોમાં તેને કોઈ જાતનાં સુખ અને શાંતિ મળતાં નહોતાં. તારે જે મેળવવાનું છે, તે તો તારી પાસે છે,

તારા હૃદયમાં તે રહેલું છે,

તું શા માટે બહારના વિષયોમાં ફાંફાં માર્યા કરે છે?

શા માટે ખોટાં વલખાં મારે છે?

તારું પોતાનું હૃદય જ સ્થાપનાનું - સાધનાનું યંત્ર છે. ત્યાં જ તારે શાંતિની દેવીની સ્થાપના કરવાની છે, હૃદયના મધ્ય કેન્દ્રમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવવાની છે.

તે માટે સૌ પ્રથમ આત્મવિશ્વાસ જગાડવો પડશે.

## તંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ અક્ષમાળા જપનું વિધાન

'અં' થી 'ક્ષ' સુધીના વર્ણો એટલે અક્ષમાળા.

આ વિદ્યાનું સ્મરણ માતૃકાન્યાસ સહિત સર્વાંગે કરવું.
પ્રથમ 'વિદ્યા' સહસ્રારચક્રમાં બોલી પછી 'અં નમઃ ।'
બોલવું પછી વિદ્યા, પછી 'આં નમઃ ।' એમ માતૃકાના
સર્વ અક્ષરો સાથે બધાં શરીરસ્થાનોમાં જપ કરવો.

છેલ્લા 'હ' થી 'ક્ષ' સુધીના વર્ણોનો ન્યાસ
હૃદયકમળમાં કરવાનો છે.

આઠ દલમાં આઠ વર્ગ અને કર્ણિકામાં 'ક્ષ' એ રીતે
૧૬ સ્વર, ૨૫ સ્પર્શવ્યંજન, ૮ 'ય' વર્ગ, 'શ' વર્ગ,
અને ૧ 'ક્ષ' મળીને કુલ - ૫૦ વર્ણો થાય છે.

અનુલોમથી ૫૦, પછી વિલોમથી ૫૦, પછી વિદ્યા સહિત
અષ્ટવર્ગનો ૮ વાર જપ કરવાથી ૧૦૮ પૂરાં થાય છે.

અષ્ટવર્ગનો ન્યાસ હૃદયકમળમાં કરવાનો રહે છે.
'વિદ્યા + क વર્ગાય નમઃ ।' એમ બોલવાનું.
એ રીતે અક્ષમાળા જપ થાય છે.

## પ્રભુનું નામ... મહા મંત્રપ્રયોગ

(૧) પ્રભુનું નામ કુપવરાનું આકર્ષણ છે.

(૨) પ્રભુનું નામ મોક્ષલક્ષ્મીનું વશીકરણ છે.

(3) પ્રભુનું નામ વિષય અને કષાયનું ઉચ્ચાટન છે.

(૪) પ્રભુનું નામ અષ્ટકર્મનું વિદ્વેષણ છે.

(૫) પ્રભુનું નામ ઉન્માર્ગગામી મનનું સ્તંભન છે.

(૬) પ્રભુનું નામ આત્માનુભૂતિનું મોહન છે.

મન ત્રાણ એટલે મંત્ર. ચિત્ત શક્તિ મંત્ર.

જેના આધારે ઈશ્વરતત્વનું ચિન્તન - મનન કરીએ, તાળ મેળવીએ, સારાંશ અને રહસ્ય જાણીએ, સંતોષીજ કરાવે, તે ચિત્તને જ મંત્રસ્વરૂપ સમજવું. સાધનામાં મંત્ર, મંત્રી કે પરમેશ્વર - એવા ભેદદૃષ્ટિ ન રહેવ.

○

Word om: stands for the ત્રિપદ or ગીત. Mantra must be complete, Correct & adequate with the sufficient time.

## મંત્ર એ ખરેખર છે શું ?

મંત્ર એ વાચ્યાર્થ કે લક્ષ્યાર્થ નહિ પણ ઐદંપર્યાર્થ છે.
તેનાથી પાપનાશ - મંગળનું આવાગમન થાય. તેનો અક્ષરાર્થ,
શબ્દાર્થ કે વાચ્યાર્થ ન જાણનાર પણ ઐદંપર્યાર્થ જાણીને
તેને ભાવનાપૂર્વક ગાશે, તો અવશ્ય ફળદાયી થાય છે.

મંત્રો હંમેશા ગૂઢ ભાષામાં જ લખાયેલા હોય છે.
સ્પષ્ટ ભાષામાં લખવાથી અનધિકારિ આત્માઓને અનર્થ થાય,
તેથી બચાવવા માટે ગૂઢ રીતે લખવામાં આવે છે.
ગૂઢ રીત = દેખાવમાં અર્થ જુદો અને અંદરમાં જુદો હોય.
સાચા મંત્રોનો ગૂઢ અર્થ એક જ હોય છે અને તે એ કે:
અવિદ્યાનો નાશ - વિદ્યાની પ્રાપ્તિ થાઓ.

ઓમ્ કે ૐ એ આત્મા અને પરમાત્માનું સાચું નામ છે.
મૂર્તિ ભગવાન છે, મંત્ર એ દેવતા અને ગુરૂ બ્રહ્મા છે.
ઇષ્ટદેવના મંત્રને રોજ યાદ કરો.
જો મનમાં શાસ્ત્ર અને મંત્રનો સ્વાધ્યાય આવ્યો, તો
કોઈની મગદૂર નહિ કે તમને પોતાના ગુલામ બનાવી શકે!

## મંત્ર એટલે...

(૧) જેના ચિન્તનથી ભય સામે રક્ષણ થાય, તે મંત્ર.
(૨) જેના મનનથી પરમ તત્ત્વનો બોધ થાય, તે મંત્ર.
(૩) જેના મનનમાં સંસારક્ષય કરવાનો ગુણ હોય તે.
(૪) દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના, તે મંત્ર.
(૫) 'પંચકલ્પભાષ્ય' પ્રમાણે જે પાઠસિદ્ધ હોય, તે મંત્ર.
(૬) પુરુષ દેવતાથી અધિષ્ઠિત, તે મંત્ર.
(૭) અનુષ્ઠાન વિના સિદ્ધ થાય, તે મંત્ર.
(૮) વિશિષ્ટ અક્ષરોની રચના, તે મંત્ર.
(૯) જે સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય, તે મંત્ર.
(૧૦) દેવ - દેવી વગેરેનો સત્કાર હોય, તે મંત્ર.
(૧૧) જેનો માત્ર પાઠ કરવાથી સિદ્ધિ મળે, તે મંત્ર.
(૧૨) 'મંત્ર' એટલે મનન વડે રક્ષણ આકૃતિ
મંત્ર વડે દેવતા, ગુરુ અને આત્માનું ઐક્ય સ્થાપન કરવું.
(૧૩) 'મંત્ર' એટલે ભગવદ્ભક્ત ઉદ્બોધક ભાષા.
અભેદગ્રહ - અસંગ્રહ એ મહાતત્ત્વાર્થ છે.

મંત્ર એટલે... અન્યોન્ય અક્ષરોની અમુક મેળવણી
કે જે વડે એવો શબ્દ થાય કે જેનો ઉદ્દેશ
કોઈ શક્તિવિશેષના પ્રાદુર્ભાવનો હોય.
મહાન પુરુષોના વાક્યોમાં
એક અપૂર્વ પ્રકારની શક્તિ હોય છે, તો
કોઈ ખાસ ઉદ્દેશથી બનાવેલ પ્રકારના અક્ષરોના મિલનમાં
જે શક્તિ હોય, તેની તો કલ્પના જ કેમ થઈ શકે?
મહાન પછી, વાક્યો અને મંત્રોનાં રચનારાઓ
જેટલા સંયમ અને સત્યતાના પાલક હોય છે,
તેટલી જ અધિક શક્તિ મંત્રમાં આવે છે.

## વિદ્યા અને મંત્રમાં શો ફરક ?

સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત તે અથવા
અનુષ્ઠાન કરવાથી જે સિદ્ધ થાય, તે 'વિદ્યા' અથવા
જેને સિદ્ધ કરવા માટે જપ-હવન કરવા પડે, તે વિદ્યા.
જ્યારે 'મંત્ર' એટલે આત્મશુદ્ધિ કરવા માટે
દેવાધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના.

## મંત્રના ૫ દોષ

છિન્ન, રુદ્ધ, શક્તિહીન, પરાંઙ્મુખ, બધિર.

માતૃકાના અક્ષરથી સર્વ મંત્રોની ઉત્પત્તિ થાય છે.

'પૃથક્ મંત્રઃ, પૃથક્ મંત્રી ન સિધ્યન્તિ કદાચન ।'

મંત્ર તથા મંત્ર ગણનાર જૂદા રહે,

તો મંત્ર ક્યારેય સિદ્ધ થતો નથી.

## મંત્ર અને વસ્તુશૂન્ય ?

મંત્ર એ શબ્દાત્મક હોવા છતાં તેનું સામર્થ્ય વિલક્ષણ - અદ્ભુત હોય છે. તે વસ્તુશૂન્ય હોતો નથી.

મંત્ર તોપના ગોળા કરતાં યે બળવાન હોય છે.

મંત્ર જીવનને વળાંક આપે છે.

મંત્રના પ્રભાવથી અને તેના પ્રેરણાદિ મહાસત્વની સાથે તદનુરૂપ જીવન સ્વેચ્છાથી આપમેળે ઘડાય છે.

✲ 'ૐ તત્ સત્' મંત્ર ચિંતામણિરૂપ છે.

તે વેદ તેમ જ ઉપનિષદોના સાર રૂપ મનાય છે.

- સિદ્ધતપ્રભા દર્શન

પ્રત્યેક મંત્રના પાંચ ભાગઃ

બીજ, શાખા, પલ્લવ, પુષ્પ તથા ફળ.

દા.ત. બીજ - ૐ હ્રીં શ્રીં, શાખા - અર્હં, પલ્લવ - નમઃ।

જાપના પુષ્પરૂપે શાંતિ, ફળરૂપે ઇષ્ટનો સાક્ષાત્કાર છે.

કયા જાપમાં કેટલી સંખ્યા વિહિત ગણાય?

સકામ જાપમાં અક્ષર તેટલા લાખની અને

નિષ્કામ જાપમાં અક્ષર તેટલા ક્રોડની સંખ્યા વિહિત છે.

નિષ્કામ જાપમાં સ્વગુણનો સાક્ષાત્કાર

અને ગુરુઅનુગ્રહ મુખ્ય છે.

મંત્રનો અશુદ્ધ ઉચ્ચાર એળે જતો નથી.

જેમ વધુ ભાવથી બોલો, તેમ વધુ લાભ.

મંત્ર સ્મરણમાં મન, પ્રાણ, વાણી ત્રણેની જરૂર પડે છે.

વાણીને વિષયોમાંથી વાળીને શુદ્ધ કરવી પડે છે.

એ રીતે વિચારને અને પ્રાણને સ્થિર કરવા પડે છે.

ત્રણે શુદ્ધ થવાથી જે સત્ત્વ રહેલું છે,

તે ભાવના યા શ્રદ્ધા મુજબ પ્રાપ્ત થાય છે.

મંત્રમાર્ગના ભેદ અથવા પ્રકારો : વર્ણ, પદ અને મંત્ર.
મંત્રને પદ અને પદને વર્ણ ઉપર આધાર રાખવો પડે છે.
બે પ્રકારના મંત્રો : સંયુક્ત (વર્ણો) હોય, તે 'કૂટ' અને
જે વર્ણો સંયુક્ત ન હોય, તેને 'અકૂટ' કહે છે.
કૂટ મંત્રમાં ઘણા વર્ણો, અક્ષરો હોવા છતાં
તેમાં એક જ અક્ષર મંત્રરૂપ હોય છે.
પરિષ્કારસહિત મંત્ર હોય, તો જ તે મંત્રનું કાર્ય કરી શકે.
એકલો વર્ણ હોય, તો તે કાર્ય ન કરી શકે.
પરિષ્કાર બે પ્રકારે : બાહ્ય અને આભ્યંતર.
આ બંને પ્રકારના પરિષ્કારસહિત જો મંત્ર હોય,
તો જ તે પરિપૂર્ણ ફળને આપે છે.
મંડલ, મુદ્રા વગેરે બાહ્યપરિષ્કાર અને
નાદ, બિન્દુ, કલા વગેરે આભ્યંતરપરિષ્કાર છે.
મંડલ, મુદ્રાદિ અને નાદ, બિન્દુ, કલાદિ મંત્રના ઉદ્દીપકો છે.
ઉદ્દીપક હોવાથી તેઓ અર્થક્રિયાનાં જનક છે.
મંડલ, મુદ્રાદિ એકલા પૂર્ણ ફળ આપે છે,

## મંત્રોના શબ્દો તથા મંત્રોની યોજના

મંત્રોના શબ્દો કુળપરંપરાગત સાધકોને જણાવે છે.
મંત્રોની યોજના સાધકોના આ નિયમો ઉપર થઈ છે,
તેથી જ મંત્રોના પુરશ્ચરણોથી ધર્મ - અર્થ - કામ - મોક્ષ,
એ માનવને ઉપકારી ચારે પુરુષાર્થની સિદ્ધિ થાય છે.
શબ્દબ્રહ્મણિ નિષ્ણાતઃ પરબ્રહ્માઽધિગચ્છતિ । શ્રુતિઃ

શબ્દબ્રહ્મમાં જેઓ (સાધકો) પારંગત થાય છે,
તેઓ પરબ્રહ્મ પ્રતિ પગલાં માંડે છે.
શબ્દબ્રહ્મને જાણીને, તેને ઓળંગીને
પરબ્રહ્મને પામવું, એ સર્વ મુમુક્ષુનું લક્ષ્ય છે.
ઓમકારમાં માત્રાઓ બ્રહ્મ છે અને
માત્રાતીત શુદ્ધ સ્વરૂપ બ્રહ્મ (ઉન્મનાગત) છે.
શબ્દબ્રહ્મ એ પરાવાણી છે, તે સગુણબ્રહ્મ છે.
સ્થૂળ વાણી આધેય છે અને શબ્દબ્રહ્મ તે આધાર છે.
પ્રપંચની શાંતિને ઈચ્છતો વિદ્વાન પુરુષ
'તે જે પરમાક્ષર છે, તે જ હું છું' એવું ધ્યાન કરે.

મંત્ર લખવાથી વધે એકાગ્રતા અને આંતરિક શાંતિ.

બાજુ કાંઈ લખવાનું ન હોય તો છેવટે એક નોટબુકમાં પણ મંત્રો લખવા. લખતી વેળાએ મૌન રહેવું. લખવામાં હાથ, આંખ અને મન બધા એકસાથે વપરાય છે, તેથી એકાગ્રતા સારી કેળવાય છે. મનની એકાગ્રતા વધવાથી આંતરિક શાંતિ અને પરમ ઉચ્ચ સુખ અનુભવાય છે.

પછી ૧૨ વર્ષ સુધી સત્ય જ બોલવાનો અભ્યાસ થાય,
તો વાક્લબ્ધિ અને વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

મંત્રસ્મરણથી રાગાત્મક મનોવૃત્તિ ઉત્તેજીત થાય છે. તેના સાથે આલિંગન રૂપથી રહેલ ઉમંગ નામની સંવેદનાત્મક વૃત્તિથી ઉત્તેજન મળે છે અને ચરિત્ર નામની ક્રિયાત્મકવૃત્તિથી અનુભૂતિને ઉત્તેજન મળે છે. પ્રભુનું નામ અશુભ આસ્રવને રોકે છે ઉપરાંત શુભ આસ્રવને કરે છે, સંવર અને નિર્જરાનો હેતુ થાય છે.

સ્વઈચ્છા રોકી પ્રભુઈચ્છાને આધિન થવું, એ જ
ખરું નામસ્મરણ અને તે દ્વારા થતી ચિત્તપ્રસન્નતા છે.

મંત્રયોગમાં 'પદ' એટલે શબ્દ કે અનેક વર્ણનો સમૂહ,
કે જે અર્થનો વાચક અથવા દ્યોતક હોય.

વાક્યનો આધાર 'પદ', પદનો આધાર 'વર્ણ' ઉપર છે. વર્ણ જો પરિષ્કારસહિત હોય, તો તે મંત્રનું કાર્ય કરી શકે છે, કારણકે એટલો વર્ણ અર્થક્રિયા સહિત છે. સિદ્ધાંતરૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલ કોઈપણ અક્ષર કે પદ ગ્રન્થકાર મહર્ષિને પદસ્થ ધ્યાન માટે અપેક્ષિત છે, તેટલું જ નહીં પણ ઉદારતા સભર ગ્રન્થકાર કહે છે: કોઈપણ પદ અથવા અક્ષર કે જેનું આલંબન લઈને મનન અથવા ચિન્તન કરવાથી યોગી રાગરહિત થાય અને પરમપદ પામે, તેનું ધ્યાન સમુચિત છે. મંત્રયોગનો જૂદે-જૂદે સ્થળે તથા જૂદા-જૂદા અર્થમાં ઉપયોગ થયો છે, છતાં તેનો મુખ્ય આશય તો મંત્રાક્ષરોમાં મનન દ્વારા જીવાત્માનો પરમાત્મા સાથે ઐક્ય સાધવાનો જ છે.

આ કારણે મંત્રપદના ઉત્કૃષ્ટ અર્થમાં
જો પદ સ્વીકારવામાં આવે, તો તે ગ્રાહ્ય છે.

અક્ષરોના સંયોગોને 'મંત્ર' કહેવાય છે.

શ્રદ્ધા વિના મુક્તિ ન મળે, તો મંત્ર વગર કેમ ફળે?

મંત્રને લખવાથી બ્રહ્માંડમાં અસર થાય છે, તેથી
અવધિજ્ઞાની દેવતાઓ પોતાના સ્થાને જાણી શકે છે.

લિપિશાસ્ત્રમાં જેટલા અક્ષરો છે, તે બધા બીજયુક્ત
એટલે કોઈને કોઈ પ્રકારની શક્તિથી સંપન્ન હોય છે.

માટે જ લખવા - વાંચવા કે સાંભળવાથી મનુષ્યના હૃદયમાં
એક પ્રકારની અસર ઉત્પન્ન થાય છે અને
તેનાથી જ મનુષ્યો સુખ અને દુઃખનો અનુભવ કરે છે.

કેટલાક એવા મંત્રો છે કે
જેનું હંમેશા સ્મરણ કરવાથી આત્માનું કલ્યાણ થઈ શકે.

o

Letters or the sounds they stand for are eternal-imperishable અક્ષરs.
The wonderful સામર્થ્ય or potentiality of મંત્રs is beyond conception.

જેમ કે પંચ પરમેષ્ઠિ મહામંત્ર, તેથી
અશુભ તથા અનિકાચિત કર્મોનો નાશ થઈને
પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે,
પરલોકમાં ઉચ્ચગતિ મળે છે, ઉપરાંત
આ જન્મમાં પણ આનંદ થાય છે.

વર્ધમાન વિદ્યા, સૂરિમંત્ર, અપરાજિતા મહાવિદ્યાનાં વિધાન
પણ પ્રત્યેક અશુભ કર્મોની નિર્જરા કરાવનાર છે.

મંત્ર રચનારાઓમાં એવો સંકલ્પ હોય છે કે:
'અમુક વિધિથી અને અમુક નિયમોના પાલનથી
મંત્રનો જાપ કરનારને અમુક ફળ મળો.'

સંકલ્પ એ શબ્દશક્તિ દ્વારા કાર્ય કરે છે.
મંત્રસૃષ્ટાઓનો સંકલ્પ તેમના શબ્દોમાં ઉતરે અને એ
શબ્દો સાથે અભેદભાવે બનેલો સંકલ્પ જ ફળ આપે.

મંત્રની સાધના માટે મહાવીર નિર્વાણ કલ્યાણકનો દિવસ
સર્વોત્તમ છે. ચંદ્રસ્વર ચાલતો હોય, ત્યારે મંત્ર આપવો
અને ગુરુ સમીપેથી મહામંત્ર લેવો.

## મંત્રના વિશિષ્ટ અર્થ

મંત્ર એટલે વિશિષ્ટ મનન અને તે વડે થતું જાપનું રક્ષણ.

મંત્ર એટલે ગુહ્ય ભાષણ (Silent Talk).

મંત્ર એટલે આમંત્રણ (Invitation) અર્થાત્ જેને નમવામાં આવે છે, તેને હૃદયપ્રદેશમાં પધારવા માટેનું આમંત્રણ. મંત્ર એટલે મનનું રક્ષણ. મંત્રના વર્ણો દ્વારા મનનું સંકલ્પ અને વિકલ્પથી રક્ષણ થાય છે.

'નમામિ સવ્વ જિણાણં | ખમામિ સવ્વ જીવાણં ||'

અર્થભાવના: 'જિનસ્વરૂપ પ્રાપ્ત થયેલ સર્વને હું નમું છું, કેમકે તેઓની ત્રણ્ઠિ પ્રાપ્ત થતાં અનુગ્રહ વડે હું મારા જિનસ્વરૂપને પામું છું, જેથી પ્રમાદ, અજ્ઞાન અને મિથ્યાત્વને હું નિંદુ છું. મારા તે અપરાધને સર્વ જીવો પાસે હું ખમાવું છું. સર્વ જીવોને જિનસ્વરૂપની પ્રાપ્તિ માટે આલંબનરૂપ થવામાં થતાં વિલંબ અને વિઘ્નરૂપ મારા અપરાધોની હું ક્ષમા માગું છું. સર્વ જીવો મારા તે અપરાધોને ખમો - મને ક્ષમા આપો.'

## 'નમામિ' અને 'ખમામિ' મંત્રનો મહિમા

નમામિ સવ્વ જિણાણં । અને ખમામિ સવ્વ જીવાણં ।
સર્વ જીવોની સાથે શુદ્ધ ભાવરૂપ હોવાથી મંત્રસ્વરૂપ છે,
જેના વડે સર્વ જીવો સાથે અભ્યંતર મંત્રણા થાય છે.

નમામિ સવ્વ જિણાણં । ખમામિ સવ્વ જીવાણં ।
જિનસ્વરૂપ જીવાત્મામાં રહેલું છે.

ૐ નમઇ સવ્વ જિણાણં । ૐ ખમઇ સવ્વ જિવાણં ।
ભાવયોગના રાગાદિરહિત છે, તેથી સંવરરૂપ છે અને
તે ભાવાદિસહિત છે, તેથી નિર્જરારૂપ છે.

નયવાદી ચિત્રકાર છે, સ્યાદ્વાદી વિચિત્રકાર છે,
ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ અને અપકાર પ્રત્યે
ઉપકૃતિનો ભાવ આવ્યા વિના ઉભય ગ્રહમુક્તિ નહિ.
એક ગ્રહ ઉપકાર લેવાથી થાય છે,
બીજું ગ્રહ અપકાર કરવાથી થાય છે.
એ ઉભય ગ્રહની મુક્તિ માટે
'નમામિ' અને 'ખમામિ' બંને મંત્રની સરખી જરૂર છે.

# મંત્રયોગની સિદ્ધિ કઈ રીતે ?

મંત્ર = શબ્દોનો સમૂહ, જેનો કોઈ અર્થ નીકળતો હોય.
આ શબ્દોના અર્થને સાકાર થવું, એ જ મંત્રની સિદ્ધિ.

જ્યારે કોઈ શબ્દ બોલાય છે, ત્યારે અનંત અખિલ વાયુ-રૂપી મહાસાગરમાં તરંગ પેદા થાય છે. તરંગથી ગતિ, ગતિથી ગરમી અને ગરમીથી સ્વાસ્થ્ય સુધરે છે. પ્રાણાયામનો પણ એ જ ઉદ્દેશ છે અને તે ઉદ્દેશ મંત્રજાપથી સિદ્ધ થાય છે. મંત્રનો જાપ હૃદયમાંથી દૂષિત ભાવનાઓને બહાર કાઢી અંતઃકરણને શુદ્ધ કરે છે. મંત્રજાપ વડે ગરમી વધવાથી મસ્તિષ્કની ગુપ્ત સમૃદ્ધિનો કોષ ખુલી જાય છે અને એ દ્વારા ધાર્યું કાર્ય સિદ્ધ થાય છે.

શબ્દ રચનાની શક્તિ અત્યંત પ્રબળ હોય છે. જે કાર્ય વર્ષોમાં નથી થઈ શકતું, તે કાર્ય યોગ્ય શબ્દરચના દ્વારા થોડી જ ક્ષણોમાં થઈ શકે છે. નમસ્કાર મંત્ર એ કારણથી મોટો મંત્ર ગણાય છે અને મોટામાં મોટાં અસાધ્ય તથા દુઃસાધ્ય કાર્યો પણ એનાથી સિદ્ધ થતાં જોવાય છે.

## મંત્રાક્ષરો એટલે શું ?

ગુપ્તમાં ગુપ્ત વિચાર પ્રભુ વિશ્વમાં પહોંચાડવાના
તાર યા ટેલીફોન યા વાયરલેસ ધ્વનિવર્ધક રેડીયો યંત્ર.
ઈલેક્ટ્રીકથી મંત્રોચ્ચારની શક્તિ ઘટે છે.
તે કંઠ - ચૈતન્યમાંથી બોલાય તો કામ કરે, રેકોર્ડથી નહીં.
મંત્રદેવતા અને ગુરૂનું ચૈતન્ય સંધાયા વિના શબ્દાક્ષરરૂપ
મંત્રચૈતન્ય ન પ્રગટે અને મંત્રની અર્થક્રિયા ન થાય.

મંત્રાર્થં મંત્ર ચૈતન્યં, યોનિ મુદ્રાં ન વેત્તિ યઃ ।
ન તસ્ય જાયતે સિદ્ધિઃ, કલ્પકોટિ શતાદપિ ॥

અર્થાત્ઃ મંત્રના અર્થને, મંત્રચૈતન્યને તથા
યોનિમુદ્રાને જે જાણતાં નથી,
તેને સેંકડો - કરોડો વર્ષે ય સિદ્ધિ ન થાય.

મીમાંસા મતમાં મંત્રાત્મકા દેવતા છે.
વેદાંત મતમાં દેવતા વિગ્રહવતી છે. બંને મત સત્ય છે.
વાચ્ય-વાચકની તથા નામ-રૂપની અભિન્નતાના કારણે
મંત્ર અને દિવ્યવિગ્રહ તત્ત્વતઃ અભિન્ન છે.

જેનું મનન કરવાથી આત્માનું રક્ષણ થાય, તે મંત્ર.
મનને મંત્ર દ્વારા આત્મા સાથે જોડવામાં આવે, તો
સકલ ઉપાધિ અને પરંપરાએ સર્વ કર્મથી મોક્ષ મળે.

મંત્રના મૂળમાં મુખ્ય ભાગ ભજવે છે...

આપણા પોતાના સંકલ્પ, ઇચ્છાશક્તિ, વિચારોનું વિદ્યુત,
ભગીરથ પુરુષાર્થ, શ્રદ્ધા અને પ્રગટેલો આત્મવિશ્વાસ.

वर्णात्मका नित्याः शब्दाः ।

અર્થાત્: શબ્દો વર્ણસ્વરૂપ અને નિત્ય છે.

मन्त्राणामचिन्त्य-शक्तिता ।

संप्रदाय-विश्वासाभ्यां सर्व सिद्धिः । અર્થાત્:
મંત્રોમાં અચિન્ત્ય શક્તિ હોય છે. ગુરુ પરંપરાથી મળે તે
સંપ્રદાય અને વિશ્વાસ વડે સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

विश्वास - बुद्धिं प्रामाण्यम् ।

અર્થાત્: ઘણો વિશ્વાસ હોવો, તે જ પ્રમાણતા છે.

મંત્રાર્થ = રૂપસ્થ ધ્યાન, મંત્રચૈતન્ય = પદસ્થ ધ્યાન.
યોનિમુદ્રા = પિંડસ્થ ધ્યાન, સિદ્ધિ = રૂપાતીત ધ્યાન.

મંત્ર = જીવનમાં પરિવર્તન લાવનાર શબ્દશક્તિ.

મંત્રક્રિયા મુખ્યત્વે મન ઉપર, મન વડે, મન માટે થાય છે.

મન અને મંત્રને આંતરંગ સંબંધ છે.

જેવો મંત્ર તેવું મન બને છે, જેવું મન તેવો મંત્ર ફળે છે.

તેથી મંત્રના આરાધકે મનને સુધારવું જોઈએ અને
તેના માટે શ્રેષ્ઠ મંત્ર પસંદ કરવો જોઈએ.

બીજા બધા સાધનો કરતાં અક્ષરો સૂક્ષ્મ હોવાથી
મનને પકડવા માટે તે વધારે અસરકારક છે.

સ્મરણ કરાતો મંત્ર, સેવન કરાતો મણિ અને
અભ્યાસ કરાતી વિદ્યા અવશ્ય લાભ કરે છે.

દરેક મંત્રોમાં એક અક્ષરમંત્ર હોય છે અને
બાકી અક્ષરો તેના પરિકર હોય છે.

મંત્રોના ઉચ્ચારણથી અને ઘંટાનાદથી આસુરી વૃત્તિઓ
શાંત થાય છે અને દૈવી વૃત્તિઓને બળ મળે છે.

બધા મંત્રો કેવળ સાંસારિક હેતુને જ અવલંબીને
હોય છે એવું નહિ પણ અક્ષર એ જ મંત્રસ્વરૂપ છે.

## मंत्रनी व्युत्पत्ति

(१) मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मन्त्रः।

અર્થાત્: આત્માનો આદેશ જેના વડે જણાય તે મંત્ર.

આત્માનો આદેશ = નિજનો અનુભવ.

(२) मन्यते विचार्यते आत्मादेशो येन स मन्त्रः।

અર્થાત્: આત્માનો આદેશ જેના વડે વિચારાય તે મંત્ર.

(3) मन्यन्ते सत्क्रियन्ते परमपदे स्थिताः आत्मानः
वा यक्षादिशासनदेवता अनेन इति मन्त्रः।

અર્થાત્: પરમપદે રહેલા આત્માઓ અથવા યક્ષાદિ શાસન દેવતા જેના વડે મનાય એટલે સત્કાર કરાય તે મંત્ર.

મંત્રની ઉચ્ચારિત ધ્વનિઓથી આત્મામાં ઘન અને ઋણાત્મક બંને પ્રકારની વિદ્યુત શક્તિઓ ઉત્પન્ન થાય છે, જેથી કર્મકલંક નષ્ટ થઈ જાય છે.

अकारादिक्षकारान्ता वर्णाः प्रोक्तास्तु मातृकाः।
सृष्टिन्यास - स्थितिन्यास - संहृतिन्यासतस्त्रिधा ॥१॥

-प्रतिष्ठापाठ

## 'હું ફટ્' તથા 'વષટ્ વૌષટ્'નો પ્રયોગ

વષટ્ વૌષટ્ શરીરાણિ પ્રાણાન્ સ્વાહા તથા સ્વધા ।
હું ફડિતિ તયોઃ સંધીન્ નિવૃત્તૌ પ્રણિપાતયેત્ ॥૩॥

ભાવાર્થ: નમઃ મંત્ર પછી વષટ્ - વૌષટ્નો પ્રયોગ શરીરને નિવૃત્તિમાં પ્રણિપાત કરે, સ્વાહા અને સ્વધા એ પ્રાણોને નિવૃત્તિમાં મૂકે અને 'હું ફટ્' એ શરીર અને પ્રાણોને સાંધનાર સંધિસ્થાન (મન)ને નિવૃત્તિમાં મૂકે છે. શરીર સંઘાત માત્રમાં શરીર, પ્રાણ અને સંધિ એ ત્રણે રહેલ છે.

હું = nuclear fusion (સંગઠન શક્તિ).

ફટ્ = nuclear fission (સ્ફોટક શક્તિ).

ભૂતાપસારણાદિમાં ફટ્ અને કુંડલિની જાગરણમાં હું ઘણો ઉપયોગી છે, એમ બંગાળી જપસૂત્રમ્, ૫/૩૦૭માં કહ્યું છે.

## મંત્ર - મૂર્તિ અને પૂજા

મંત્ર વર્ણોનો સમૂહ છે, મૂર્તિ તે આકૃતિરૂપ હોવાથી મંત્રસ્વરૂપ છે. વર્ણોનો જાપ, મંત્ર દ્વારા ધ્યાન અને તે બે વડે ઇષ્ટની પૂજા એ તંત્રનું સાધન છે.

# મંત્રાર્થનું માહાત્મ્ય

મંત્ર = મનન કરવાથી જ રક્ષણ કરે, તેવા શબ્દો.

'તજ્જપસ્તદર્થભાવનમ્ ।'

તેમાં જપ એ શ્રોત્ર અને જિહ્વેન્દ્રિયનો વિષય છે અને અર્થનું ભાવન એ મન તથા અંતઃકરણનો વિષય છે. જપ તેના અંગભૂત મંત્રનો અર્થ સમજીને કરવો હિતકર છે. તેમ કરવાથી શબ્દવૃત્તિ ઉચ્ચારણમાં અને લક્ષણાવૃત્તિ મંત્રાર્થમાં રોકાઈ જાય છે તથા પરસ્પરની ઉપકારક થઈ અન્ય કોઈ વૃત્તિઓને સ્ફુરવા જ દેતી નથી. કહ્યું છે કે:

'યદેવ વિદ્યયા કરોતિ તદેવ વીર્યવત્તરં ભવતિ ।'

ભાવાર્થ: જેમ જ્ઞાન દ્વારા કરાતું પ્રત્યેક કાર્ય જ અત્યંત બળવાન ફળદાતા થાય છે, તેમ મંત્રનો અર્થ જાણીને કરાતો જપ અધિક-અધિક બળવાન થાય છે. અર્થના જ્ઞાનપૂર્વક મંત્રજપ કરવાથી ધ્યાનજપ થાય છે. બધી ક્રિયાઓમાં યજ્ઞક્રિયાઓ ઉત્તમ છે અને તેમાં ય જપયજ્ઞ શ્રેષ્ઠ છે, કેમકે તે પરમાત્માનું જ સ્વરૂપ છે.

# મંત્રવિજ્ઞાન

'મંત્ર' એ ભાવનાનું વિજ્ઞાન છે અને તે ભાવનાની સાથે ધ્વનિનું સામંજસ્ય એ વિજ્ઞાનનું રહસ્ય છે. મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વિદ્વેષણ, વશીકરણની જેમ મંત્ર એ નિર્વાણનું પણ માધ્યમ છે. 'નિર્વાણ' એટલે વ્યક્તિનું વિરાટમાં વિલીન થઈ જવું કે સમગ્ર શક્તિનું પોતામાં ભળી જવું કે આત્મામાં તદ્રૂપ થઈ જવું તે. મંત્ર એ સાધકની સર્વ વિધાયકશક્તિનું ઉદ્દીપન કરી સાધકમાં રહેલી દુર્બલતાઓનું નિવારણ કરીને પોતાના શાંત, મધુર તથા પ્રેમળ વાતાવરણમાં લીન કરી દે છે. મંત્રનો મૂળ ઉદ્દેશ છે સાધકને સામર્થ્યશાળી બનાવવો.

મંત્રની સિદ્ધિ માટે જે વિધાન છે, તે સાધકની આસ્થાને દૃઢ કરી સુસફળતાને સુનિશ્ચિત બનાવે છે. શબ્દ એ સાધકની ભાવનાઓની અભિવ્યક્તિરૂપ છે અને મંત્રના શબ્દની સાથે થતો લય એ શબ્દમાં રહેલી ભાવનાવૃત્તિનો દ્યોતક બને છે.

ધ્યાનની પૂર્વભૂમિ = મનોગુપ્તિ વિના મંત્રસિદ્ધિ નહિ.

મનોગુપ્તિ = મંત્ર સોપાનપંક્તિનું પહેલું પગથિયું.

જો મનોગુપ્તિ એ અરિહંતશરણની ઉપલક્ષણ છે,
તો મંત્ર એ તાત્ત્વિક અરિહંતશરણ છે.
જો મનોગુપ્તિ એ સંવરરૂપ છે,
તો મંત્ર નિર્જરા અથવા મોક્ષસ્વરૂપ છે.
જો મનોગુપ્તિ એ સુષુમ્ણારૂપ છે,
તો મંત્ર તે સુષુમ્ણામાં ઊર્ધ્વ ગતિરૂપ છે.
જો મનોગુપ્તિ એ મંત્રના આગારસ્વરૂપ છે,
તો મંત્ર તો પોતે જ આત્મા છે.
જો મનોગુપ્તિ એ જળ છે, તો મંત્ર તેનો પ્રકાશ છે.
મંત્રસાગરમાં મનોગુપ્તિ એ બિન્દુની જેમ અંતર્ગત છે.
ત્રાણ એ તો મંત્રનો સ્થૂલ અર્થ છે, કિન્તુ
મંગલરૂપતા તે જ મંત્રનો સૂક્ષ્મ અર્થ છે.
અષ્ટપ્રવચનમાતા પોતે પ્રવચનરૂપ નહિ પણ પ્રવચનની
ઉત્પાદક - પાલક - પોષક છે, મંત્ર સ્વયં પ્રવચનરૂપ છે.

મંત્રની પાંચ ભૂમિકાઓનો અભેદ મંત્રસિદ્ધિને કરે છે.

શબ્દ ઉપરાંત પ્રાણ
પ્રાણ ઉપરાંત વૃત્તિ
વૃત્તિ ઉપરાંત ભાવ
ભાવ ઉપરાંત આત્મા
આત્મા ઉપરાંત બોધ

} મુખ્ય -
ગૌણ -
પૃચ્છા -

જીવનનો સાચો મૂળ મંત્ર એ જ છે કે...

'પ્રભુ, તું જે કરે તે ખરું!'

તેથી દુઃખમાં પ્રભુ જે કરવા ઇચ્છે છે,
તે એને કરવા દઈએ, એમાં જ આપણું ભલું રહેલું છે
પણ પ્રભુને એનું કામ કરવા અવકાશ તો મળવો જોઈએ!

તે અવકાશનું નામ છે : માણસના મનની શાંતિ.

જીભ પર પ્રભુનું નામ અને અંતઃકરણમાં પ્રભુનું ધ્યાન.
ધ્વનિરૂપે પ્રગટ થતી દિવ્યશક્તિને જ 'મંત્રદેવતા' કહે છે.

મંત્ર અને મંગલમાં વિશેષતા છે.

મંત્ર મનન દ્વારા ત્રાણ કરે છે.

મંત્ર એ ઇચ્છાશક્તિને બળવાન બનાવવાનું સાધન છે.

મનને સુધારવાનો ઉપાય સતત મંત્રજાપ છે.

યંત્રથી પાણાની જેમ મંત્રથી મન ઉપર ચઢે છે.

## મંત્રની શક્તિનો અનુભવ

મંત્ર દ્વારા મન-વચન-કાયા વશ થઈ શકે છે.

મંત્રના આલંબને જીવ મન-વચન-કાયાને આધીન રહે છે.

મંત્રની પ્રાપ્તિ ગુરુતત્ત્વને આધીન છે.

મંત્ર પોતે દેવનું અક્ષરાત્મકસ્વરૂપ છે. અક્ષર એટલે વર્ણ અને અવિનાશી એવું પરમ સ્વરૂપ, કે જે સર્વવ્યાપી છે. તેના જાપ - સ્મરણ - ભક્તિ અને સમર્પણ વડે આપણા ઉપર તેમનું પ્રભુત્વ સ્થપાયું, એટલે આપણે તેમના સેવક બન્યાં, તે આપણા સાક્ષાત સ્વામી બન્યા. આપણો સ્વામી - સેવકભાવ અથવા રક્ષક - રક્ષ્યભાવ જેટલો દૃઢ થતો જાય, તેટલી રક્ષા અધિક થાય અને આપણામાં નિર્ભયતા ઉત્પન્ન થાય. મંત્રની શક્તિમાં કોમ સાથે યોગ કરવાનો પણ સૌને અનુભવ થાય છે.

## મંત્રનું અર્થચિન્તન એટલે શું ?

મનમાં ઇષ્ટદેવનું સ્વરૂપ લાવવું, તે જ મંત્રાર્થચિન્તન છે.
મંત્રનું ઉચ્ચારણ, મંત્રની મધુરતાનો આસ્વાદ અને
મંત્રના અર્થચિન્તનથી જ આપણી પ્રગતિ થાય.
નામ લેતી વખતે લક્ષ જોડાય, પ્રભુની એકતા સધાય,
રસાસ્વાદ અનુભવાય, તો એનું ફળ ડગલે ને પગલે મળે
તથા તે દેહસ્વાસ્થ્ય અને આનંદ પ્રેરનાર બને છે.
મંત્રજાપ દ્વારા જીવનમાં સ્વજાતને જોતાં શીખાય છે.
મંત્રના ઉચ્ચારણમાં વાગિન્દ્રિય, પ્રભુશક્તિ, રસનેન્દ્રિય,
તે વડે મનની એકતા સધાય છે.

મંત્ર એ કેવળ વર્ણોનો ઉચ્ચાર નહિ, કિન્તુ
તેની પાછળ વિચારનું બળ અને વિચારનું આંદોલન છે.
શબ્દ અને વિચાર અથવા અર્થનો ગાઢ સંબંધ છે.
Under certain circumstances and
conditions, a form can be heard and
a sound can be seen.

# મંત્રથી જન્મે છે પ્રચંડ શક્તિ.

મંત્રની પાછળનું રહસ્ય સમજ્યા વગરનો મંત્ર મિથ્યા છે.
મંત્ર એ શબ્દસમૂહ છે, તેનો અર્થ સમજીને બોલતાં
એક પ્રચંડ શક્તિ પેદા કરી શકે છે.

વિચારશક્તિના બળ વડે મનુષ્ય ઘણું કરી શકે એમ છે,
પરંતુ એને ખીલવતાં તથા બળવાન કરતાં વિચારશક્તિના
મૂળ એવા પરમ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ.
શબ્દ અને અર્થ બંને અવિભાજ્ય છે. શબ્દ સ્થૂળ-
વાણીનું સ્પંદન છે, અર્થ વિચારનું સ્પંદન પેદા કરે છે.
મંત્રમાં શબ્દ અને અર્થ બંને સમાયાં છે, તેથી તેમાંથી
વાણી અને વિચાર એમ બંને સ્પંદનો પેદા થાય છે.
મંત્રમાં વિચાર અને અર્થ મુખ્ય છે, ભાષાનું મહત્ત્વ નથી.
મહત્ત્વ છે મંત્ર અને તેની પાછળની ભાવનાના જોડાણનું.
એ જોડાણમાંથી મંત્રચૈતન્ય ઊભું થાય છે.

દિવ્યતા તરફ જવાની પ્રબળ ઇચ્છા
મંત્રને શક્તિમાન બનાવે છે.

પવિત્ર મંત્રો એટલે...

પરમાત્માના નામની સાથે સંબંધ ધરાવનાર મંત્રો.

गुरु - मन्त्र - देवता - आत्म - मनः - पवनानामैक्य - निष्कलनात् अन्तरात्मसंवित्तिः ।

અર્થાત : ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવનનું ઐક્ય અનુભવવાથી અંતરાત્માનું જ્ઞાન થાય છે.

મનનું મંત્રના રંગમાં રંગાઈ જવું, તે 'લય' છે.

મન અને મંત્રની એકતા થતાં ગ્રાહ્ય અને ગ્રાહકનો ભેદ ભુલાઈ જાય છે તથા સાધક પોતાનું પૃથક્ અસ્તિત્વ ભૂલીને દેવતારૂપ થઈ જાય છે.

દેવતાના સાક્ષાત્કારની ઈચ્છા જ પોતે બળવત્તર બનીને કાર્યસિદ્ધિ કરે છે.

બધા વિધિવિધાનનું તાત્પર્ય મનને એકાગ્ર કરીને ભાવનાને દૃઢ કરવી તે છે. ભાવના પોતે ઘનીભૂત થઈને શક્તિનું રૂપ લે છે. મંત્ર, યંત્ર, મૂર્તિ આદિ તેનાં સાધન છે.

જેમ પ્રતિષ્ઠિત મૂર્તિમાં '<u>આ મૂર્તિ પ્રતિષ્ઠિત છે</u>'
એવો વ્યવહાર પ્રતિષ્ઠાજનિત આત્મગત સમાપત્તિ જ
સ્વનિરૂપક સ્થાપ્યાલંબનત્વ સંબંધથી ઉત્પન્ન કરે છે,
તેમ સિદ્ધ મંત્રોમાં '<u>આ મંત્ર સિદ્ધ છે</u>' એવો વ્યવહાર
મંત્રદ્રષ્ટા મહાપુરુષોમાં પરમાત્મવિષયક આત્મસમાપત્તિ
સ્વનિરૂપક વાચકાલંબનત્વ કે વાચ્યાલંબનત્વ સંબંધથી
ઉત્પન્ન થાય છે, તેથી સામાન્ય મંત્રો અને
વિશિષ્ટ મંત્રોમાં શક્તિ સમાન હોઈ શકતી નથી.

<u>મંત્રનું સ્મરણ પરિશુદ્ધ અને વિધાનપૂર્વક થવું જોઈએ.</u>

પરિશુદ્ધ = ઇહલોક-પરલોકની આશંસાદિ દોષોથી રહિત.

વિધાનપૂર્વક = ક્રમસર.

દેવપૂજનાદિ વિધિના પાલનપૂર્વક જે થાય,
તે સ્મરણ પરિશુદ્ધ અને વિધાનપૂર્વક થયું કહેવાય.
મંત્ર વડે ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનની એકતા થાય,
સંકલ્પ - વિકલ્પ રાગ-દ્વેષરૂપી ભાવકર્મ શમે છે,
તેથી આત્મલાભ થાય છે.

## મંત્ર અને મુદ્રા

મંત્ર એ જ્ઞાનશક્તિ છે તથા મુદ્રા એ ક્રિયાશક્તિ છે.
બાહ્યમુદ્રા કરસ્પર્શનારૂપ તથા આભ્યંતરમુદ્રા બંધરૂપ છે.
મુદ્રાનો પ્રભાવ મનુષ્યના મન ઉપર અવશ્ય પડે છે.
કેવળ 'નમસ્કાર' શબ્દ અને એ શબ્દની સાથે જ
બે હાથ જોડીને માથું નમાવવાની ક્રિયા થાય,
ત્યારે તેની અસર જુદી જ થાય છે.
આંતરિક ભાવોને સાકાર કરવા મુદ્રા સમર્થ સાધન છે.
પ્રાર્થનામુદ્રા એટલે બન્ને હાથની દશ આંગળીઓને
પરસ્પર મેળવી પોતાના હૃદયની સમીપ રાખવા તે.
સુરભિ મુદ્રા, (ધેનુમુદ્રા), જ્ઞાનમુદ્રા સકલીકરણ મુદ્રા,
જપમુદ્રા, આહ્વાનમુદ્રા, સંનિધાન, સ્થાપન, સન્નિધાપન,
સન્નિરોધન, અવગુંઠન આદિ અનેક મુદ્રાઓ છે.

## વિઘ્નવિનાશક ત્રણ વસ્તુ કઈ?

ઇષ્ટમંત્રોનો જપ, ગુરુતત્ત્વનું ધ્યાન અને
ઇશ્વરતત્ત્વનું શરણ સર્વ વિઘ્નવિનાશક છે.

## 'મંત્ર' અને મંત્રની પ્રયોગશાળા

'મંત્ર' એટલે જેના જપ, ચિન્તન, મનન વડે
સંસારના ત્રિવિધ તાપથી રક્ષણ થાય તે.
સ્વસ્થ હૃદય અને મનરૂપી પ્રયોગશાળામાં
મંત્રનો પ્રયોગ કરવાનો હોય છે.
તે માટે સ્વતંત્ર પ્રયોગશાળાની આવશ્યકતા નથી.
મંત્રના વિનિયોગથી લોકકલ્યાણોપયોગી
બળ, વર્ચ, વિદ્યા, બુદ્ધિ, શક્તિની પ્રાપ્તિ થાય છે.
પ્રાણાત્મામાં બ્રહ્માત્માનુભૂતિ કરતાં રહીને અહર્નિશ
સર્વાત્મદર્શી થઈને, રાગ-દ્વેષથી અલિપ્ત, પર બનીને,
સ્વદેહનાશ સુધી પ્રારબ્ધકર્મનો ભોગ કરતા રહીને,
અંતમાં પરબ્રહ્મ - પરમાત્મામાં વિલીન થઈ જઈએ.
જેમ વધારે શબ્દજાપ, તેમ વધારે ગતિશીલ મન.
શબ્દ સંસ્કારજન્ય મનશ્ચક્રની ગતિને વિશિષ્ટ શક્તિ
-સંપન્ન મંત્રના વારંવાર ઉચ્ચારણરૂપી જપકર્મ વડે
નિયમન અને નિરોધ કરી શકાય છે.

અવિચ્છિન્ન ધારાપ્રવાહરૂપે સર્વજ્ઞ બ્રહ્માકાર વૃત્તિનો
સંકલ્પ કરવાપૂર્વક મંત્રપ્રયોગ કરતાં રહેવાથી
એક જ જન્મમાં સર્વથા નિર્વિઘ્ન નિઃશ્રેયસ પદની
અભિલાષા પૂર્ણ થઈ જાય છે.

છેવટે મન પોતે મંત્રનું સ્વરૂપ ધારણ કરે છે અને
શરીરસ્થ બ્રહ્મમાં રમવા માંડે છે.

મંત્રમાં જેટલા અક્ષર અને શક્તિ હોય છે,
તે પ્રમાણે અક્ષરાકાર તથા શક્તિસંપન્ન બને છે.

મન મંત્રાકારે પરિણામી શક્તિસંપન્ન બ્રહ્મના આધારે
જે કોઈ કર્મ કરે છે, તેમાં સફળતા મેળવે છે,
તેને 'ક્રિયાસિદ્ધિ' કહેવામાં આવે છે.

મંત્રમાં માનુષીશક્તિ - મંત્રમાં દિવ્યશક્તિ રહેલી છે.
મંત્ર ઐશ્વર્ય આપી શકે, મંત્રથી સાક્ષાત પ્રભુ મળે.
મંત્રમાં રહેલ અર્થશક્તિ શબ્દશક્તિથી વધુ સૂક્ષ્મ છે.

મંત્રના સાધકને સદા સંકલ્પ હોવો જોઈએ કે:
શબ્દ જે રૂપને કહે છે, તે રૂપ શબ્દ દ્વારા પ્રકટ થાઓ.

## મંત્રજપ હૃદયગત થઈ જવો જોઈએ.

પ્રભુનામનું રટણ કાળે કરીને જપને ઘણો જ ફાયદો કરે છે.

આત્મચિંતન કરતાં રહેવું અહર્નિશ

'હું દેહ નહિ પણ અજર - અમર આત્મા છું'

તેમ નિરંતર વિચારતાં રહેવું.

પ્રભુસ્મરણનું રૂડું ફળ છે.

મંત્રયોગનો મુખ્ય ઉદ્દેશ અંતરાત્માનો

પરમાત્મરૂપી ઈશ્વર સાથે ઐક્ય સાધવાનો છે,

જે પહેલા સમાલંબનથી સધાતો હોવાથી

સમાલંબન એ મંત્રયોગની એક વિશિષ્ટ પ્રક્રિયા છે.

## મંત્રમાં શક્તિ ક્યાંથી આવે છે?

નાદબ્રહ્મને આધીન થઈને

શબ્દબ્રહ્મે ઉત્ક્રાંતિ કરવાનું સરળ સાધન મંત્ર છે.

મંત્રમાં શબ્દશક્તિ નિહિત છે.

મંત્રના વર્ણોની વિવિધ રચનાથી

તેમાં વિવિધ પ્રકારની શક્તિઓ આવે છે.

વર્ણનો આત્મા નાદ હોવાથી
તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી બને.
શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વાધ્યાયાદિ ઉપાયો છે, તેમ
માતૃકાનું સંસ્મરણ પણ અનુપમ ઉપાય છે અને સરળ છે.
મંત્રો પણ માતૃકામાંથી જ ઉદ્ધૃત થયેલ છે, તેથી
મંત્રજાપ પૂર્વે માતૃકા ન્યાસ અત્યંત જરૂરી છે.
માતૃકાનો દરેક વર્ણ મંત્રાક્ષરરૂપ અને
સંકેતથી નિરપેક્ષ હોવાથી વાચ્યાર્થરહિત છે.
વર્ણોથી અતિરિક્ત એક અખંડ વાક્સત્તા છે.
વર્ણ અથવા વર્ણસમૂહના મંત્રત્વ
તેમાં નિહિત નિગૂઢ શક્તિને જાગ્રત કરવામાં છે.
તેનો ઉપાય નિરન્તર નાદાનુસંધાન, સતત જપાનુષ્ઠાન
અથવા શ્રદ્ધા સહિત દેવતાના સ્વરૂપ ઉપર મનનું
સ્થિરીકરણ કરવામાં આવે, તે છે.
મંત્રશાસ્ત્રનો આશ્રય લેવાથી જે કાર્ય
દીર્ઘકાળે થવાનું હોય, તે શીઘ્રપણે થાય છે.

## મંત્રયોગ

મંત્રયોગથી શક્તિ, ચિતિ, જ્ઞાન, બ્રહ્મ, કુંડલિની,
શક્તિઉદ્બોધન, બ્રહ્મોત્થાન, મહાયોગસિદ્ધિ થાય.

'મંત્રપદ' એટલે...

શબ્દ અથવા વર્ણનો સમૂહ,
જે અર્થનો વાચક અથવા દ્યોતક હોય તે.

મંત્રનું સ્મરણ કરવામાં શેની જરૂર પડે છે?
તેમાં મન, બ્રહ્મ અને વાણી ત્રણેની જરૂર પડે છે.
ત્રણ પ્રકારનાં તપમાં અનશનાદિ એ કાયાનું,
સ્વાધ્યાય વાણીનું અને મંત્રજાપ એ મનનું તપ છે.

अनर्थका मन्त्राः।

મંત્રયોગમાં મંત્રના અર્થમાં જવું જરૂરી નથી.
મંત્રશબ્દો દેવતાનો દેહ છે. પશ્યંતી = દેવ સાથે અદ્વૈત.
શબ્દો જ ચિત્તમાં પશ્યંતી વાણીનો પ્રકાશ પાથરે છે
એટલે કે દેવતાને જ પશ્યંતી - જુએ. ત્યારબાદ દેવ જ
સ્વયં અર્થો પ્રગટ કરે, જેનાથી અનુપ્રેક્ષાનો ઝરો ફૂટે.

મંત્રસાધકે શું શું ધ્યાન રાખવું ?

મંત્રસાધકે બ્રહ્મચર્ય પાળવું,

કંદમૂળ ઉપરાંત રાત્રિભોજન તજવું તથા

અસત્ય - ચોરી અને ક્રોધનો અવશ્યપણે ત્યાગ કરવો.

મંત્રસાધનાથી જે દ્રવ્ય કે શક્તિ પ્રાપ્ત થાય,

તેનો દુરૂપયોગ ન કરવો.

મંત્રની સિદ્ધિ માટે વિશિષ્ટ ધર્મારાધના કરી

અશુભ કર્મનો ક્ષય કરવો.

મંત્ર સિદ્ધ થયાં પછી જો સાધક વ્રત-નિયમો પાળે નહીં, લક્ષ્મી આદિનો દુરૂપયોગ કરે, તો તેના ઉપર મંત્રદેવતા કોપાયમાન થાય. માટે દરેક મંત્રસાધકોએ પોતાના જીવનમાં પવિત્રતા જાળવવા માટે ખૂબ ધ્યાન રાખવું.

મંત્રનો મૂળ ઉદ્દેશ છે સાધકને સામર્થ્યશાળ બનાવવો.

મંત્ર એ સાધકની સર્વ વિધાયકશક્તિનું ઉદ્દીપન કરી સાધકમાં રહેલી દુર્બળતાઓનું નિવારણ કરીને પોતાના શાંત, મધુર તથા પ્રેમલ વાતાવરણમાં લીન કરી દે છે.

❖ દેવતાઓની ઉપાસનાની ક્રિયાત્મક વિધિ
જે શાસ્ત્રમાં જણાવેલ છે,
તે શાસ્ત્ર તંત્રશાસ્ત્ર છે.

❖ શક્તિમાન શબ્દસમૂહ અથવા વર્ણ-વિન્યાસ,
જેમાં જાપ આદિનો સમાવેશ થયેલો હોય,
તે 'મંત્ર' કહેવાય છે.

❖ બિંદુ, રેખા, ત્રિકોણ, વૃત્ત ઇત્યાદિ
આકારોનો ચોક્કસ નિયમાનુસાર વિન્યાસ થયો હોય,
તે 'યંત્ર' કહેવાય છે.

❖ શ્રીયંત્રની રચના તથા માહાત્મ્ય

યંત્રનો ઉપયોગ ઉપાસ્ય સાથે તાદાત્મ્યભાવ ઉત્પન્ન કરવા માટે છે. યંત્રમાં ૫ અધોમુખ ત્રિકોણ શક્તિના દ્યોતક અને ૪ ઉર્ધ્વમુખ ત્રિકોણ શિવદ્યોતક છે. શક્તિદ્યોતક ત્રિકોણ ભાગોમાં પંચમહાભૂત, પંચતન્માત્રા, પંચજ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને પ્રાણના દ્યોતક છે, જ્યારે પિંડમાં તે ત્વક, અસૃક, માંસ, મેદ, અસ્થિરૂપે છે.

૪ શિવત્રિકોણ બ્રહ્માંડમાં ચિત્ત, બુદ્ધિ અહંકાર, મનરૂપે,
જ્યારે પિંડમાં તે મન, શુક્ર, પ્રાણ, જીવરૂપે છે.
આ ૯ ત્રિકોણો યંત્રનું રહસ્ય ધરાવે છે.
નિરાકાર શિવની ૯ મૂળ પ્રકૃતિઓના તે દ્યોતક છે.
એમના પરસ્પર સંમિશ્રણથી ૪૩ નાનાં નાનાં ત્રિકોણ બને છે.
ત્રિકોણો પછી અષ્ટદલ, પછી ષોડશદલકમલ,
ત્યારબાદ 3 વૃત્ત અને છેલ્લે
3 રેખાથી બનેલું ભૂપુર આવે છે.
ત્રિકોણમાં બિન્દુ, અષ્ટારમાં અષ્ટદલ,
બન્ને દશારમાં ષોડશદલ અને
ચતુર્દશારમાં ચતુરસ્રનો અંતર્ભાવ થાય છે.
વળી પાંચ શક્તિચક્રોમાં ૪ શિવચક્રોનો અંતર્ભાવ છે.
લલિતાસ્વરૂપ કેન્દ્રસ્થ બિંદુને
'મણિદ્વિપ' કે 'હત્પુંડરીક' પણ કહે છે.
આ કેન્દ્રસ્થ બિન્દુમાં ઇષ્ટનું ધ્યાન કરાય છે.
ત્રિકોણ એ પ્રકૃતિ, મહત્ તથા અહંકારરૂપ છે.

અષ્ટાર = શીતોષ્ણ, સુખદુઃખ, ઈચ્છા, સત્ત્વ-રજસ્-તમસ્ની
સ્વામિની દેવતાઓના ક્રમશઃ દ્યોતક છે.
અંતર્દશાર = ક્રમશઃ રેચક, પાચક, શોષક, દાહક, પ્લાવક,
ક્ષારક, ઉદ્ધારક, ક્ષોભક, જૃંભક અને મોહક એવા
વહ્નિકલાઓની અધિષ્ઠાત્રી દેવતા છે.
બહિર્દશાર = પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન તથા
નાગકૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય -
એ ૧૦ પ્રાણોની ક્રમશઃ સ્વામિનીઓ છે.
ચતુર્દશાર = અલંબુષા, કુહૂ, વિશ્વોદરી, વરુણા, હસ્તિજિહ્વા,
યશોવતી, પયસ્વિની, ગાંધારી, પૂષા, શંખિની, સરસ્વતી,
ઈડા, પિંગલા તથા સુષુમ્ણા - આ ૧૪ નાડીઓ છે.
અષ્ટદલકમલ = તે અનુક્રમે વચન, આદાન, ગમન,
વિસર્ગ, આનંદ, હાન, ઉપાદાન તથા ઉપેક્ષાના દ્યોતક છે.
ષોડશદલ = તે ક્રમશઃ મન, બુદ્ધિ, અહંકાર, શબ્દાદિ ૫,
ચિત્ત, ધૈર્ય, સ્મૃતિ, નામ, વાર્ધક્ય,
સૂક્ષ્મશરીર, જીવન તથા સ્થૂલશરીર છે.

ભૂપુરત્રય = તેના ૪ ભાગોમાં ક્રમશઃ
૧૦ મુદ્રાશક્તિ (૧૦ આધારરૂપ), ૧૦ દિક્પાલ (રક્ષા તથા વિઘ્નનિવારણરૂપ), ૮ માતૃકા (કામ-ક્રોધ-લોભ-મદ-મોહ-માત્સર્ય-પાપ-પુણ્યના વિલયરૂપ), ૧૦ સિદ્ધિઓ (અણિમાદિ ઐશ્વર્યરૂપ) જેનો સંબંધ ૯ રસ + ૧૦મો ભાવ સાથે છે.

અભેદપૂજન માટે કહ્યું છે કે:

જ્ઞાતા સ્વાત્મા ભવેજ્જ્ઞાનમર્ઘ્યં જ્ઞેયં હવિઃ સ્મૃતમ્ ।
શ્રી चक्र पूजनं तेषामेकीकरणमीरितम् ॥१॥

૨ ત્રિપુટી = જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય તથા હોતા, અર્ઘ્ય, હવિ.
આ ૨ ત્રિપુટીની અભેદભાવના તે જ અભ્યંતરપૂજા છે.

અધિકારી ભેદે આ ભાવના ૩ પ્રકારની છે:

સકલ, સકલનિષ્કલ, નિષ્કલ.

સર્વોત્તમ સાધનારૂપ નિષ્કલભાવના ઉત્તમાધિકારી માટે છે.
તેમાં કેવલ મહાબિંદુમાં જ બિન્દુ આદિ
૯ ચક્રોના પારસ્પરિક ભેદ વિના જ નિર્વિષયક
સંવિન્માત્રાત્મક (ચિત્સ્વરૂપ) કામકલાની ભાવના થાય છે.

<u>મધ્યમ સાધકો માટે</u> બિંદુ અર્ધેન્દુ નાદ,
શક્તિ, વ્યાપિની, સમનોન્મનાદિ ૯ ચક્રોમાં બિન્દુ
આદિ ૯ ચક્રોની ઐક્ય ભાવના કરવી પડે છે.

<u>તૃતીય શ્રેણીના સાધકો</u> માટે શરીરચક્ર સાથે ઐક્ય ભાવના
કરાય છે, એને 'સકલભાવના' કહે છે. તેના અધિકારી
ક્રમશઃ વિરાગ, ચિત્તશુદ્ધિ, મુમુક્ષુ - એમ ૩ પ્રકારે છે.

સોપાધિક આત્મા એ ત્રિપુરસુંદરી છે,
નિરૂપાધિક આત્મા એ પરમશિવ છે.

## <u>શ્રી ચક્રપૂજન</u>

આમ એક જ આત્મા દેહના મધ્યમાં એટલે કે અંતઃકરણ
રૂપી સ્થાનમાં રહેલો છે. તેને આત્મારૂપે, લલિતારૂપે
અને કામેશ્વરરૂપે એક જ રંગમાં જોવામાં આવે,
ત્યારે જ શ્રી ચક્રપૂજન પૂર્ણ થયું ગણાય.
અહીંયાંથી ભેદબુદ્ધિ જતી રહેવી, તેનું નામ સિદ્ધિ છે.
આ ચિન્તવનની ક્રિયા = પૂજા,
અહંત્વનું વિલોપન = હોમ, અભેદભાવન = તર્પણ છે.

તાંત્રિક કથનાનુસાર ઉર્ધ્વ આમ્નાયની સર્વ વિદ્યાઓ 'શ્રી વિદ્યા' છે અને એ જ લલિતા, રાજરાજેશ્વરી, પંચદશી, ષોડશી, મહાત્રિપુરસુન્દરી, બાલા વગેરે નામે પ્રસિદ્ધ છે.

મૂલતત્ત્વમાં એ બધાની એકતા હોવા છતાં અવસ્થાભેદના કારણે એ નામોમાં વિભિન્નતા રહેલી છે.

પ્રસિદ્ધ ૧૦ મહાવિદ્યાઓમાં

ષોડશી વિદ્યા એ શ્રીવિદ્યાનું પરિપૂર્ણ સ્વરૂપ મનાય છે, તેને 'બ્રહ્મવિદ્યા' તથા 'બ્રહ્મમયી' પણ કહે છે.

ઉપાસનાના ભેદથી શ્રી મહાત્રિપુરસુન્દરીની ત્રિકૂટાત્મિકા પંચદશી વિદ્યા ઘણા પ્રકારની છે. તેમાં કામોપાસિતા પંચદશી, લોપામુદ્રોપાસિતા પંચદશી અને નંદુ સિતા પંચદશી મુખ્ય છે, જેને અનુક્રમે કાદિ, હાદિ અને સાદિ વિદ્યા કહે છે.

કાદિના ઉપાસક અધિક છે.

હાદિના તેના અપેક્ષાએ થોડાં છે અને

સાદિ વિદ્યાના એનાથી પણ થોડાં છે.

શ્રીયંત્ર એ મહાત્રિપુરાસુન્દરીનું નિવાસસ્થાન છે.

સુપ્રસિદ્ધ શ્રીયંત્ર એ માનવશરીર અને સમષ્ટિ તથા વ્યષ્ટિનું દ્યોતક છે. તદુપરાંત શિવશક્તિ સ્વરૂપ હોવાથી આત્માનો પ્રકાશ પણ તેમાં હોય છે. ઉપનિષદો પ્રમાણે ઉપાસકોને એની પૂજાથી ભોગ ને મોક્ષ પ્રાપ્ત થાય છે. પૂજાનો વિશિષ્ટાર્થ વાસ્તવમાં જીવ બ્રહ્મૈક્યાનુસંધાન છે.

ભાવનોપનિષદમાં કહ્યું છે કે:

'સાન્દ્રસાનં સોઽહમાત્મેદભાવનં શ્રી ચક્રપૂજનમ્ ।'

ઉપનિષદોના 'તત્ત્વમસિ ।' એ મહાવાક્યના ત્રણ ભાગ છે, તેમ જ પંચદશી મંત્રના પણ ત્રણ કૂટ (ભાગ) છે. પહેલા ભાગનો અર્થ 'તત્', બીજાનો 'ત્વં' અને ત્રીજાનો 'અસિ' છે માટે પંચદશીનો આધ્યાત્મિક અર્થ 'તત્ત્વમસિ' છે અને આજ એનો ગૂઢાર્થ છે. આ રીતે પંચદશી મંત્ર મહાવાક્યનું શ્રવણ-મનન, શ્રી ચક્રયંત્ર અંતર્મુખ વૃત્તિવાળા મનનું અને આવરણભેદન મનની આધ્યાત્મિક વૃત્તિઓનું નિરૂપણ કરે છે. 'પૂજા' શબ્દ નિદિધ્યાસન (અનવરત ધ્યાન) અને સવિકલ્પ સમાધિ માટે પ્રયોજવામાં આવે છે.

મનને વિશુદ્ધ અને કલ્યાણકારી
સંસ્કારપુંજમાં ફેરવવા માટે મંત્રની આવશ્યકતા છે.
મન એટલે વાસનાપુંજ અને વાસના એટલે શબ્દભંડાર.
કાંટા વડે કાંટાને કઢાય, તેમ શબ્દ વડે શબ્દને દૂર કરાય.
ભ્રમણશીલ ચક્ર સાથે નિયામક અને રોધક જોઈએ.
મનશ્ચક્ર = ભવચક્ર સતત ગતિશીલ છે, તેથી દુઃખી છે.
તેના નિયંત્રણાર્થે ચિત્તસંયમ કે સંયત ચિત્તની જરૂર છે,
તે માટે ગતિનિયામક અને ગતિનિરોધક મંત્રની જરૂર છે.
જિતં જગત્ કેન? મનો હિ યેન | સૂક્તિઃ
કોના વડે જગત જીતાયું છે? જેના વડે મન જીતાયું (તેના વડે).
સંકલ્પ - વિકલ્પ શબ્દ સ્ફુરણાકાર છે.
તે સ્ફુરણા સ્વસ્વભાષા અને સંસ્કાર અનુરૂપ હોય છે.
વધારે સંસ્કાર, વધારે શબ્દરાજ, વધારે ગતિશીલ મન.
મનનાત્ ત્રાયતેઽસૌ મંત્રઃ |
મંત્રનું વારંવાર મનન - ચિન્તન - જપ થતું રહેવાથી
ત્રિવિધ તાપથી રક્ષણ થાય છે.

## ૭ ચક્રો ઉપર મંત્રાક્ષરોની અસર

(૧) અતિમનસ્ક - 'સત્યં' - બ્રહ્મરંધ્ર ચક્ર
(૨) અધિમનસ્ક - 'તપઃ' - આજ્ઞા ચક્ર
(૩) તેજોમનસ્ક - 'જનઃ' - વિશુદ્ધિ ચક્ર
(૪) ઉર્ધ્વમનસ્ક - 'મહઃ' - અનાહત ચક્ર
(૫) મનસ્ક - 'સ્વઃ' - મણિપુર ચક્ર
(૬) પ્રાણ - 'ભુવઃ' - સ્વાધિષ્ઠાન ચક્ર
(૭) જડ કે અચિત - 'ભૂઃ' - મૂલાધાર ચક્ર

ધર્મ - ધર્મસાધક - ધર્મસિદ્ધની સાથે અભેદ થવા માટેનું સાધન મંત્ર, મંત્રોચ્ચાર, મંત્રમનન છે અને તે દ્વારા કર્મક્ષય અને આત્મલાભ મેળવવાનો છે.

મંત્રના ઉચ્ચારણ વડે પ્રાણ, પ્રાણની ગતિ વડે મન, મનના મનન વડે બુદ્ધિ - ચિત્ત અને તે બધા ઉપરનો અહં ઓગાળીને શુદ્ધ થવાનું છે.

શુદ્ધ અંતઃકરણમાં આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે.

દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતરૂપે આત્મદર્શન થાય છે.

મંત્રવિજ્ઞાન વડે મન સહેલાઈથી વશ થઈ શકે છે.

મન = વાસનાપુંજ = અનેક પ્રકારના શબ્દોનો પુંજ.

કાંટા વડે જેમ કાંટો નીકળે, તેમ

વિશિષ્ટ શબ્દો વડે વાસનાને જીતીને દૂર કરી શકાય છે.

પ્રત્યેક યંત્રના મૂળમાં એક ચક્ર હોય છે.

ચક્ર સાથે નિયામક અને ગતિરોધક હોવા જોઈએ.

ગતિનિયામક = Regulator, ગતિરોધક = Break.

તે ન હોય તો હાનિ થવા સંભવ છે.

મનરૂપી ચક્રથી જે વ્યવહાર કરવાનો છે,

તેમાં પણ તેને આપણી ઇચ્છા મુજબ

સંચાલન અને નિરોધ કરવાની શક્તિ હોવી જોઈએ.

મનચક્રને શ્રી ચક્ર પણ કહે છે.

તેના આધારે જાગ્રત - સ્વપ્ન - સુષુપ્તિના વ્યવહાર ચાલે.

મન એ વાસનાપુંજ રૂપ હોવાથી સતત ગતિમાન છે.

તેના ઉપર જો કે અહીં ચિત્તવૃત્તિઓ સંયત ન હોય તો

તે આહારાદિ સંજ્ઞાને આધીન રહે છે.

## મંત્રથી મુક્તિ

શબ્દમાં બહુ ઘણી શક્તિ છે. તેના સંયોજનથી મંત્ર ઉત્પન્ન થાય છે અને તે મંત્ર - તેના સ્મરણ અને જાપ વડે મનુષ્યને શાંતિ આપી શકે છે.

'સા વિદ્યા યા વિમુક્તયે ।' અહીં વિમુક્તિનો અર્થ અજ્ઞાનમાંથી, વિષયવાસનામાંથી, રાગદ્વેષમાંથી મુક્તિ છે.

આવી મુક્તિ થાય તો જ
આપણી અંતરચેતનામાંથી પ્રકૃતિ પ્રકટી શકે અથવા
અંતરચેતના પૂરેપૂરી પ્રકટ થઈ શકે છે.

મનને મંત્રાક્ષરો સાથે અને મંત્રાક્ષરોને
બુદ્ધિના નિર્ણયોની સાથે સીધો વધુ નિકટનો સંબંધ છે.

મંત્રની અસર મન ઉપર અને
મનની અસર સમગ્ર શરીર ઉપર થાય છે.

most Important 'હરિ ઓં' અને 'અરિહં'
એ બે મંત્રોમાં આંદોલનો એકસરખાં જ છે.

વૈદિક મંત્રો અને છંદોમાં અદ્ભુત શક્તિ રહેલી છે.

## મંત્રનો અંતિમ ફલાદેશ

મંત્ર વડે મનોગુપ્તિનો અભ્યાસ થાય છે.
પ્રથમ પૌદ્ગલિક વિષયના સંકલ્પ-વિકલ્પનો ત્યાગ, પછી
આત્મતત્ત્વના વિચારમાં લીનતા અને છેલ્લે
આત્મસ્વરૂપનું ભાન - એ મંત્રનો અંતિમ ફલાદેશ છે.
તે માટે શ્રદ્ધા અને સંકલ્પ - બળની જરૂર પડે છે.
શ્રદ્ધા એ વિચારોની ઘનતા સ્વરૂપ છે. સંકલ્પ એ
વિચારોની એકાગ્રતારૂપ one - pointedness છે.
મંત્રમાં ભાવના અને શબ્દની ઘણી મોટી અસર છે.
શબ્દ પ્રભુશક્તિને ઉત્તેજિત કરે છે.
મંત્રમાં શબ્દ, અર્થ અને ભાવ ત્રણેનો સુમેળ હોય છે.
મંત્રસાધનામાં ભાષ્ય, ઉપાંશુ અને માનસ પછી
અજપાનું સ્થાન છે. માનસજાપ સુધી મનની ક્રિયા છે,
ત્યારબાદ અજપામાં મન શાંત થઈ જાય છે.
Listening of the still small voice
એને અનાહતનું શ્રવણ પણ કહે છે.

સગુણરૂપમાં જે શક્તિ વ્યક્ત છે,
તે જ નિર્ગુણરૂપમાં વાચ્યશક્તિ બની જાય છે.
આમ બંને શક્તિ એક જ છે.
સાધક સગુણથી પ્રારંભ કરી અંતમાં નિર્ગુણ ઉપર
પહોંચી જાય છે અને ત્યાં કૈવલ્ય પ્રાપ્ત કરે છે.
સાધનાશક્તિ અને મંત્રશક્તિ દ્વારા
સાધકનું મન શુદ્ધ થાય, કુસંસ્કાર ધોવાઈ જાય અને
આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.
મંત્ર એટલે...
વારંવાર મનન કરવા યોગ્ય વાક્ય કે વાક્યોનો સમૂહ.
દેવતાઓની શક્તિ અને ગતિ અચિન્ત્ય હોય છે.
मंत्रमूर्तिं समादाय देवदेवः स्वयं जिनः ।
सर्वज्ञः सर्वगः शान्तः सोऽयं साक्षाद्व्यवस्थितः ॥१॥
અર્થાત્: મંત્ર અને મૂર્તિના આધારે
દેવાધિદેવ પોતે જ સાક્ષાત રહેલા છે અને
એ જ સર્વજ્ઞ, સર્વગ, શાંત પરમાત્મા છે.

પરાવાણી પરમર્ષિ અને પરમ શિવ છે તથા
પરમ મંત્રાત્મક વિમર્શરૂપ હૃદય છે.
વિમર્શને છોડીને મંત્રનું બીજું કોઈ રૂપ છે નહીં.
આ જ મંત્રોની માતા પરાવાક્ સંસારનો સાર છે,
તેને 'માલિની શક્તિ' પણ કહે છે.
તેને 'તુરીયતત્ત્વ' અને 'અવ્યક્ત શબ્દ' પણ કહે છે.
કેવળ ઉચ્ચાર્યમાણ વર્ણોને મંત્ર ન કહેતાં
મનનાત્મક વર્ણોને 'મંત્ર' કહે છે.
મંત્રયોગ એ અતીન્દ્રિયવર્ણને સમજવાનો પુરુષાર્થ છે.
સ્થૂળરસના સ્થાને સૂક્ષ્મ રસની પ્રતિક્રિયા છે.

'રામ' શબ્દમાં ૩ બીજ

મંત્રસાધનાની દૃષ્ટિએ 'રામ' શબ્દમાં 'ર' અગ્નિબીજ,
'આ' સૂર્યબીજ અને 'મ' એ ચંદ્રબીજ કહેલ છે.
'રામ' મંત્ર એ વેદોનો પ્રાણ છે.
ભગવત્ કૃપા થવાથી અજ્ઞાન આવરણ ટળી જાય છે
અને જીવ બ્રહ્મોન્મુખ બની જાય છે.

## મંત્રસાધનાનો ક્રમ - 3 ભૂમિકા

(૧) રક્ષા (૨) જપ (3) ધ્યાન.

## મંત્રસાધનાનાં ૫ પગથિયાં

મંત્ર એક એવી formula છે, જે વડે અવિદ્યાનો નાશ સિદ્ધ કરવાનો અને વિદ્યાનો લાભ મેળવવાનો છે. વિદ્યાનો લાભ ભવકર્મના નાશથી શક્ય છે.

(1) અભિગમન એટલે સ્થાનશુદ્ધિ.

(2) ઉપાદાન એટલે જરૂરી ઉપકરણો એકઠાં કરવાં.

(3) ઇજ્યા એટલે ભૂતશુદ્ધિ, પ્રાણાયામ, ન્યાસ વગેરે ઉપચારો.

(4) સ્વાધ્યાય એટલે વિધિપુરઃસર જાપ.

(5) યોગ એટલે મંત્રના ઇષ્ટનું ધ્યાન.

## મંત્રસાધકનાં ૮ લક્ષણો

મંત્રસાધકમાં શરીરબળ-મનોબળ ઉપરાંત જોઈતા લક્ષણો:

(૧) ઇંદ્રિયકષાયનો જય (મનોગુપ્તિ)

(૨) મિતાહારિતા (રસનાનો જય) (3) બ્રહ્મચર્ય (૪) શ્રદ્ધા

(૫) મૌન (૬) દયા (૭) દાક્ષિણ્ય (૮) પરોપકારિતા.

મંત્રાકાર ઉપયોગ દ્વારા મંત્રદેવતાની શક્તિ સાધકમાં
કાર્ય કરતી થઈ જાય છે. તે યોગ - ક્ષેમ ઉત્પદકારક છે.
કહ્યું છે કે : रागादिभिरनाक्रान्तो, योगक्षेमविधायकः ।
नित्यं प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः ॥१॥
રાગાદિરહિત આત્મતત્ત્વ યોગક્ષેમકારક છે, તેથી તે દેવ
કહેવાય છે. દેવે તે દેવ, દેખાડે તે ગુરુ, એ રીતે
મંત્ર માટે દેવની સાથે ગુરુની પણ તેટલી જ જરૂર છે.

મંત્રને દેવની સાથે દેનારનો અને
ગુરુની સાથે દેખાડનારનો સંબંધ છે.

ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવન,
એ છએની એકતાન સાથે એકતા દ્વારા
મંત્રસિદ્ધિ થઈ મંત્રચૈતન્ય પ્રકટ થાય છે.
મંત્રના માધ્યમ વડે દેવ અને ગુરુ ઉપકારક બને છે.
તે ઉપકાર પવન દ્વારા મન ઉપર થાય છે
અને મન દ્વારા પવન અને કાયા ઉપર થાય છે.
મન - પવન - કાયાની શક્તિઓ મંત્રથી જ સમર્થ છે.

મંત્રાર્થ = મંત્રવાચ્ય દેવતાનું સ્વરૂપચિન્તન.

અર્થભાવન = અભેદ ચિંતન.

અર્થ અનેક પ્રકારના છે : શબ્દાર્થ, ભાવાર્થ, સંપ્રદાયાર્થ ઉપરાંત નિગૂઢાર્થ એટલે કે મંત્રનો તાત્ત્વિક ગૂઢ અર્થ.

'મંત્ર અને મંત્રદેવતા એક જ છે'
એવી અભેદબુદ્ધિ, તે નિગૂઢાર્થ છે.

મંત્રના અક્ષરો એ જ મંત્રદેવતાનું સ્વરૂપ છે.

વાચકની સાથે અભેદચિંતન, તે મંત્રાર્થ છે.

વાચ્યની સાથે અભેદચિન્તન, તે મંત્રચૈતન્ય છે.

ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવન
એ બધાનું ઐક્યભાવન, તે મંત્રસિદ્ધિ છે.

મનનો સંબંધ મંત્રની સાથે છે, બુદ્ધિનો સંબંધ શાસ્ત્ર સાથે છે અને આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે.

સૂક્ષ્મ શરીરની શુદ્ધિ તે ભૂતશુદ્ધિ વડે થાય છે, જે ભાવનાશક્તિ અને મંત્રશક્તિના સંયોગથી થાય છે,
તેથી નવાં દિવ્ય ભૂતોનું નિર્માણ થાય છે.

# <u>મંત્રાત્મક દેવતાવાદ</u>

મંત્રશાસ્ત્રોમાં મંત્રાત્મક દેવતાવાદના
નૈશ્ચયિક સ્વરૂપનું વર્ણન આ રીતે મળે છે:
પદ બે પ્રકારના છે: સ્થૂલ અને સૂક્ષ્મ.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને
જ્યારે સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે
તે જ દેવતા સ્વરૂપ બની જાય છે.
પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.
વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.
આવા વિમર્શને જ તાત્ત્વિક મંત્રદેવતા એટલે કે
મંત્રમયી અથવા પદમયી દેવતા કહેવામાં આવે છે.
આ તાત્ત્વિક વિમર્શ પશ્યન્તી વાણી રૂપ હોવાથી
તે વાણીને પદમયી દેવતા કહેવામાં આવે છે.
આ દેવતાને જ આત્માની 'અમૃતકલા' કહેવામાં આવે છે.
મંત્રજાપથી શક્તિનું જાગરણ થાય છે.
શક્તિજાગરણથી આત્મજ્ઞાનનો ઉદય થાય છે.

નિષ્કલ ઉચ્ચારણ = માનસ જાપ. મધ્ય ધામ = સુષુમ્ણા.

મંત્રવાદીઓ પ્રકાશને શિવતત્ત્વ અને
વિમર્શને શક્તિતત્ત્વ કહે છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ તથા શક્તિસ્વરૂપ છે.

વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ રાજ છે.

જેને મંત્રમયી યા પદમયી દેવતા કહેવામાં આવે છે,
તે પશ્યન્તી વાણી સ્વરૂપ છે.

તેને આત્માની અમૃતકલા પણ કહેવામાં આવે છે.

'विमर्श देवता वाच्यमृतात्मनः कलाम् ।'

વિકલ્પથી સંજલ્પમાં જવું, તે વિમર્શ.

વિમર્શથી પ્રકાશમાં જવું, તે મંત્રસિદ્ધિ છે.

કોઈપણ મંત્ર પ્રથમ વિકલ્પરૂપતા - વિચારરૂપતાને પામે, પછી
તે વિકલ્પ સંજલ્પતા - અંતરજલ્પરૂપ અવસ્થાને પામે છે.

અહીં વિમર્શ એ જ તાત્ત્વિક પદમયી દેવતા છે.

વિકલ્પો અનેક પ્રકારના છે. પ્રસ્તુતમાં પદ કે મંત્રમય
વિકલ્પ ઉપાદેય છે. બ્રહ્મનો પ્રાન્ત ભાગ દ્વાદશાંતમાં છે.

સંકલ્પ અથવા ભાવનાથી યુક્ત હોય છે.
સંકલ્પથી ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે.
જ્યારે મંત્રદેવતાનું અભેદ પ્રણિધાન પરાકાષ્ઠાને પામે,
ત્યારે સંકલ્પ કે વિમર્શ - શક્તિ સ્વયં શાંત થાય છે.
ભાવ્યમાન વસ્તુ - જે ધ્યેય - તેનો સાક્ષાત્કાર થાય છે
અર્થાત્ અવિકલ્પક - નિર્વિકલ્પ ભાન પ્રાપ્ત થાય છે.
સાક્ષાત્કારનો આધાર અવિકલ્પ દશા છે અને
તે સંકલ્પથી સહજ રીતે પ્રાપ્ત થાય છે.
પ્રશસ્ત વિકલ્પને ફરી ફરી ઉત્પન્ન કરવારૂપ સંકલ્પના
અભ્યાસથી વિકલ્પ શાંત થતાં અંતે અવિકલ્પ દશા મળે છે.
નિર્વિકલ્પ સંવિત્ પશ્યન્તી અવસ્થામાં હોય છે,
જે બિંદુસ્થાન (આજ્ઞાચક્ર - ભ્રૂમધ્ય)માં પ્રાપ્ત થાય છે.
મંત્રની નિર્ગુણ, નિષ્કલ, સૂક્ષ્મ અવસ્થા બિંદુસ્થાનથી જ
આરંભાય છે. તાત્ત્વિક મંત્ર તેને જ કહેવાય છે કે જે
વિમર્શ અવિકલ્પક સંવિત્-પશ્યંતીરૂપ હોવાથી દેવતારૂપ છે
અને જેમાં ઇષ્ટદેવતાની સાથે અભેદ સધાયો હોય છે.

ઇષ્ટદેવતાની આરાધના અભેદને જ્યોતિરૂપ પ્રગટ કરે છે.
મંત્રની શબ્દરૂપ હ્રસ્વ - દીર્ઘ વગેરે સર્વ
આદિ ઉચ્ચારણ કાળની માત્રાઓ છે.
તેનાથી પર એક જ્યોતિ અવસ્થા છે.
એ અવસ્થા બિંદુસ્થાન - આજ્ઞાચક્રમાં જ પ્રાપ્ત થાય છે.
બિંદુસ્થાનમાં મંત્રનો પ્રવેશ થતાં
રાગ-દ્વેષ ઓછાં થઈ જાય છે, પ્રસાદ વધે છે,
મંત્રની જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે.
મંત્ર પોતે જ દેવતાનું સ્વરૂપ ધારણ કરીને
યોગ અને ક્ષેમકારક બને છે.
મંત્રમયી યા પદમયી દેવતા અનિર્વચનીય તેજોરૂપ છે.
સ્વકીય પ્રકાશથી દ્યોતમાન ચૈતન્ય દેવતારૂપ કહેવાય છે.
વિકલ્પથી સંજલ્પ અને સંજલ્પથી અવિકલ્પમાં જવાય છે.
વિકલ્પ વિચારરૂપ છે, સંજલ્પ આંતરજલ્પરૂપ છે.
નિર્વિકલ્પ વિમર્શરૂપ છે, આંતરજલ્પ મધ્યમા વાણીરૂપ
અને વિમર્શ પશ્યંતી વાણી સ્વરૂપ છે.

# મંત્રાકાર ઉપયોગ થવાથી

મંત્રદેવતાની શક્તિ સાધકમાં કાર્ય કરતી થઈ જાય છે.
તે શક્તિ રોગ અને શોક ઉચ્છેદકારક છે. મંત્રને દેવની
સાથે ઐક્યનો અને ગુરુની સાથે દેખાડનારનો સંબંધ છે.
મંત્રના માધ્યમ વડે દેવ અને ગુરુ ઉપકારક બને છે.
'મંત્રાધીના દેવતાઃ'નો એક અર્થ મન, વચન, કાયાના
યોગો - વ્યાપારો કે જેમાં કર્મનો આસ્રવ કરવાની
શક્તિ છે અને કર્મ દ્વારા વિશ્વનું સર્જન કરવાની
દિવ્ય શક્તિ છે, તે ત્રણે યોગો વશ થાય છે.
મંત્રવર્ણોની વચન પર અને વચનની અસર મનને છે
તથા મન દ્વારા વચન અને કાયા વશ થાય છે.
મંત્રપદો બોલવાને ય સ્થાનશુદ્ધિ, દિક્શુદ્ધિ કરી શકાય છે.
મિથ્યાભાષણ કે કટુભાષણ કરવાથી
સમસ્ત મંત્રસાધના દૂષિત થાય છે.
મંત્રદાતા ગુરુને મનથી નમસ્કાર કરવા અને
હૃદયકમળમાં તેમનું ધ્યાન ધરવું.

## મંત્રચૈતન્યનું અદ્ભુત માહાત્મ્ય

સાધકની ચેતના મંત્ર દ્વારા વાણી રૂપ લઈ લે છે.

મંત્ર માત્ર ચૈતન્ય યા વિલાસ-સ્વરૂપ છે.

મંત્રની ચેતનાશક્તિ એટલે...

વિચારોની કેન્દ્રિતતા અને ઇચ્છાશક્તિની બળવત્તા.

નાદ-રૂપ ચેતનાને અભિવ્યક્ત તથા આવૃત્ત કરે છે.

'પ્રારંભમાં અભિવ્યક્તિ દુર્બળ હોય છે,

ધીમે ધીમે દૃઢ થતી જાય છે.'

એનો અર્થ થાય છે: બાલશિવની યુવાવસ્થા.

અન્ય સાધનાઓમાં કેવળ સાધકની શક્તિ કામ કરે છે,

મંત્રસાધનામાં સાધકની શક્તિની સાથે મંત્રશક્તિ મળે છે.

બંનેનું તાદાત્મ્ય થવાથી શક્તિની માત્રા વધી જાય છે.

મંત્રશક્તિ તે વાચકશક્તિ છે.

તે દ્વારા દેવ યા પરબ્રહ્મની વાચ્યશક્તિ પ્રાપ્ત કરાય છે.

સાધનાથી મંત્રાત્મિકા સુગુહ્ય શક્તિને જાગૃત કરાય છે,

તે આવરણોને દૂર કરી વાચ્યશક્તિનો સાક્ષાત્કાર કરાવે છે.

## મંત્ર કોને અને કેવી રીતે સિદ્ધ થાય?

આમાં જૂદાજૂદા વિધાનો છે, તેમાં જે વાત સર્વસંમત છે:

એક તો જે મંત્ર સિદ્ધ કરવો હોય,
તેના જે અધિનાયક દેવ કે દેવી હોય, તેના પ્રત્યેની
શ્રદ્ધા અનન્ય કોટિની હોવી જોઈએ અને ગુરુ દ્વારા
મંત્રનો આમ્નાય પ્રાપ્ત થયેલો હોવો જોઈએ.

આમ્નાય = ગુરુ પરંપરાગત આચારનું અનુસરણ.

આ ઉપરાંત એક ત્રીજી શરત પણ એ છે કે:
મંત્રદેવતા સાથેની એકતાનું ભાન પણ જરૂરી છે.

## મંત્રસિદ્ધિમાં કયા ૩ કારણ મહત્ત્વના?

મંત્રસિદ્ધિમાં આમ્નાય અને વિશ્વાસ બાહુલ્ય એ
બે મહાન સહકારી કારણ છે. ત્રીજું સહકારી કારણ
ઐક્યભાન કે તાત્ત્વિકવિમર્શ છે, તેથી આત્મલાભ થાય છે.

આમ્નાય એટલે તે તે વસ્તુનું પૂર્ણ જ્ઞાન.

વિશ્વાસ બાહુલ્ય = ગુરુમાં આપ્તત્વનો નિશ્ચય.
અથવા મંત્રની શક્તિ આદિ પ્રત્યે શંકાને અનવકાશ.

## મંત્રસાધના શું કરી શકે ?

મંત્ર, મન અને પવનને આત્મા સાથે સંબંધ કરી આપે.
આત્મા તે મંત્રનાં મનન દ્વારા
ગુરુ અને દેવતા સાથે સંબંધ કરી આપે છે.
મંત્રના અક્ષરો મન અને પવન સાથે સંબંધ રાખે છે.
મંત્રાક્ષરો પ્રભુપ્રેમ, વિશ્વપ્રેમ, દાન, સંતોષ, વિવેક,
સત્યનું ખેંચાણ, આનંદ, સંશયછેદ, મહાત્યાગ તથા
જ્યોતિદર્શન પણ કરાવી શકે છે.
'મંત્ર' તે છે કે જેના મનન વડે ત્રાણ, વિશિષ્ટ રક્ષણ,
અને જીવ - બ્રહ્મની એકતાનો બોધ થાય.

## મંત્રની અનુપમ શક્તિ શું-શું કરે ?

તે બંધન છૂટાવે, ધર્મ - અર્થ - કામ અને
મોક્ષને આમંત્રણ આપે,
વિશ્વમાં રહેલ બ્રહ્મને જોવાની શક્તિ આપે,
સંસારના બંધનથી છૂટવાનું સામર્થ્ય આપે અને
ચારે પ્રકારના પુરુષાર્થોને મેળવી આપે, તે 'મંત્ર' છે.

ઉપાસનામાં બેસતાં પહેલાં ક્રમાનુસાર ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણોમાં અભિન્ન ભાવના કરવી, એને તાત્ત્વિકવિમર્શ કહે છે, તો જ મંત્રચૈતન્ય શબ્દપણે પ્રગટે છે.
મંત્રશાસ્ત્ર તર્કનો વિષય નથી પણ શ્રદ્ધાનો વિષય છે.
પદમાં પદાર્થની ઉપસ્થિતિ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય છે.
સુષુમ્ણામાં ધ્યાન કરવાથી થોડાં વખતમાં એકાગ્રતા થાય છે તથા લાંબા સમય પછી તે ધ્યાન સંતતિ બની રહે છે, તો જ થોડાં વખતમાં ઘણાં કર્મોનો ક્ષય અને નિર્જરા સાધી શકાય છે. આથી તેમાં મોક્ષનું સ્થાન કહેલું છે.

સુષુમ્ણામાં પવનની ગતિ ઘણી મંદ હોય છે, તો જ
પણ મન ઘણું સહેલાઈથી સ્થિર થાય છે.

મન અને પવનની સ્થિરતા થતાં સંયમ, ધારણા, ધ્યાન, સમાધિ એક જ સ્થળે ઘણી સરળતાથી સાધી શકાય છે.

આ સંયમ સિદ્ધિઓનું કારણ છે,
માટે સુષુમ્ણાને સિદ્ધિઓનું કારણ કહેલું છે.

ભાવનાનું અનુસરણ અને વિશ્વાસનું બાહુલ્ય મુખ્ય છે.

## કોઈપણ મંત્રપાઠ કરવાની આદર્શ પ્રક્રિયા

મંત્રનું સ્મરણ કરવું.

તે પછી નાભિરૂપ સરોવરમાંથી ઉત્પન્ન થયું, ઊર્ધ્વદિશામાં જતું, કોમળ નાળવાળું, હૃદયમાં જઈને વિકસતું અને મુખમાંથી બહાર આવતું શ્વેત સહસ્રદલ-કમલ ચિંતવવું.

તેની કર્ણિકા ઉપર બિરાજમાન

અભય તથા વર આપનારી, એક હાથમાં પુસ્તક અને એક હાથમાં કમળ ધારણ કરનારી શ્રી વાગ્દેવી ચિંતવવી.

તેના મુખમાંથી સન્મુખમાં આવતી માતૃકા ચિન્તવવી.

## 'મંત્રશુદ્ધ' અને 'શબ્દશુદ્ધ' એટલે શું ?

મંત્રનું ઉચ્ચારણ એ 'મંત્રશુદ્ધ' અને

મંત્રનું વિભાજન એ 'શબ્દશુદ્ધ' ઇત્યાદિ છે.

અક્ષર વર્ણાત્મક છે. તત્ત્વ, ધ્યેય અને ફલરૂપ પણ છે. પ્રભુથી ય અધિક લાગે અહીં અક્ષરનું પ્રણિધાન અક્ષર એવા આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાન હેતુ બની જાય. મનનું ત્રાણ કરનાર પ્રભુ એ જ મંત્રપદનું વાચ્ય છે.

મંત્રને ફળદાયક બનાવવા માટે બે વસ્તુની જરૂર છે:

Imp. (૧) પૂર્ણ આસ્થા (૨) તટસ્થતા.

આસ્થા તીવ્ર અને શીઘ્ર પરિવર્તન લાવે છે.
તટસ્થવૃત્તિ મંત્રના પ્રભાવને પોતાને અનુરૂપ કરી લે છે.
મંત્ર એ એક વિશિષ્ટ પ્રકારની જે ચુંબકીય ધારાઓને ઉત્પન્ન કરે છે, તેની સાથે જ્યારે આપણી તપસ્યા ઉગ્ર બને છે, ત્યારે આપણી સાથે તે તરંગો મંત્ર દ્વારા ટકરાય છે કે જે આપણને આલિપ્ત જ રાખે છે.
મંત્રના નિરંતર ઘર્ષણથી પ્રકૃતિના સર્વ અજ્ઞાત રહસ્યો ખુલવા લાગે છે અને આનંદના અતિરેકથી સાધકના મનને તે મંત્રચૈતન્યની અખંડધારા અભિભૂત કરી દે છે.
મંત્રની ક્રિયા તે મંત્રને જલ્દી યા વિલંબે સફળ અથવા નિષ્ફળ બનાવી દે છે, કારણકે તેમાં ઉપર બતાવેલાં પાંચ અંગોથી અતિરિક્ત પણ ઘણા વસ્તુઓ હોય છે.

એટલા જ માટે મંત્રવિજ્ઞાનમાં
પ્રત્યેક ગુરૂની અતિ આવશ્યકતા સ્વીકારેલી છે.

## મંત્રની સિદ્ધિ કોને ગણાય ?

મંત્ર એ એવા શબ્દોનો સમૂહ હોય છે,
જેનો કોઈક વિશિષ્ટ અર્થ નીકળતો હોય છે.
આ શબ્દોનો અર્થ સાકાર થશે, એ જ મંત્રની સિદ્ધિ.
શબ્દથી વાયુ ઉપર આઘાત થાય છે.
જ્યારે કોઈ પણ શબ્દ બોલાય છે,
ત્યારે વાયુરૂપી મહાસાગરમાં તરંગ પેદા થાય છે.
તરંગથી ગતિ, ગતિથી ગરમી અને ગરમીથી સ્વાસ્થ્ય સુધરે છે.
પ્રાણાયામનો પણ આ જ ઉદ્દેશ છે.
ક્રોધાદિ કષાયથી બોલાતાં શબ્દો અશુભ હોવાથી
તેમાંથી પેદા થતી ગરમી શરીરનું સ્વાસ્થ્ય તથા
મનની કોમળતા - પ્રસન્નતા બગાડે છે, જ્યારે મંત્રશબ્દ
શુભ હોવાથી મંત્રજાપ હૃદયમાંથી દૂષિત ભાવનાઓને
બહાર કાઢી અંતઃકરણને શુદ્ધ કરે છે.
મંત્રજાપ વડે વધતી ગરમીથી મસ્તકની ગુપ્ત સમૃદ્ધિનો
કોષ ખૂલી જાય છે અને ધાર્યું કામ જરૂર સિદ્ધ થાય છે.

## મંત્રયોગમાં 'લય' તથા 'મહાલય' એટલે શું ?

મંત્રનો જપ જ્યારે નિષ્કામ ભાવે કરાય છે,
ત્યારે તે આધ્યાત્મિક ઉત્થાનનું સાધન બની જાય છે.
એ દ્વારા આત્મશક્તિ જાગૃત થવા લાગે છે.
મંત્રયોગની આ સમાધિને 'મહાલય' કહેવાય છે અને
વિચારનું શક્તિશાળી થવું, તે 'લય' છે.
તે જ જ્યારે પ્રકૃષ્ટ બને, ત્યારે તે મહાલય ગણાય છે.

## 'મહાલય સમાધિ' એટલે શું ?

ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં પોતાની જાતને
ભૂલી જવાય એવી અવસ્થા ઉત્પન્ન થાય છે, તેને
મંત્રયોગમાં 'મહાલય' કે 'મંત્રયોગ સમાધિ' કહે છે.
મૂર્ત દ્વારા અમૂર્ત તરફ પહોંચવું, એ મનનો ધર્મ છે.
એ ધર્મ ટાળ્યો ટળી શકતો નથી. શ્રુતિની જેમ મંત્રના
શબ્દ દ્વારા પણ નિઃશબ્દ પરમતત્ત્વ સુધી પહોંચાય છે.
ભાવના જ ઘનીભૂત થઈને શક્તિનું રૂપ લે છે,
મંત્ર, યંત્ર, શ્રુતિ આદિ તેનાં જ સાધન છે.

## મંત્રશાસ્ત્રમાં ઉપયોગી શાસ્ત્રોક્ત વાતો

'મંત્ર' એટલે ગુપ્ત પરિભાષણ.

મંત્રનો સંકેત કૃપાની યાચના છે.

અરિહંતોની કૃપા અને અનુગ્રહ યાચવા માટે મંત્રજાપ છે.

દેવતાની કૃપા યાચના માટે મંત્રજાપ છે.

## પ્રાણક્રિયા સાધના

મંત્રશાસ્ત્રમાં પ્રાણાયામથી અતિરિક્ત શરીરના ભિન્ન ભિન્ન સ્થાનોમાં પ્રાણને લઈ જઈને સાધના કરવાની આજ્ઞા છે. આ બધી સાધનાને 'પ્રાણક્રિયા' સાધના કહે છે. શ્વાસ આદિની ક્રિયા તેમાં અંતર્ગત ગણાય છે.

## મંત્રશાસ્ત્રમાં ધારણા તથા મુદ્રા

બાહ્ય મૂર્તિ આદિમાં તથા શરીરની અંદર સ્થાનવિશેષમાં મનને સ્થિર રાખવાની ક્રિયાને 'ધારણા' કહેવામાં આવે છે.

મંત્રશાસ્ત્રમાં પોતપોતાના ઇષ્ટદેવને પ્રસન્ન કરવાની ચેષ્ટાઓને 'મુદ્રા' કહેવાય છે.

મંત્રશાસ્ત્રમાં શુદ્ધિ તથા શુદ્ધિના અનેક પ્રકાર

દિક્શુદ્ધિ, સ્થાનશુદ્ધિ, શરીરશુદ્ધિ, પ્રાણાયામાદિ દ્વારા
મનઃશુદ્ધિ ઇત્યાદિ 'શુદ્ધિ' કહેવાય છે.

આસનશુદ્ધિ : કુશાસન, મૈલાસન, ઊર્ણાસનાદિની શુદ્ધિ.

જપશુદ્ધિ : ભાષ્ય, ઉપાંશુ, માનસાદિની શુદ્ધિ.

ધ્યાનશુદ્ધિ : મન દ્વારા ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન.

ચંદ્રની ૧૬ કળાઓની જેમ મંત્રયોગના ૧૬ અંગો:

(૧) ભક્તિ (૨) શુદ્ધિ (૩) આસન (૪) પંચાંગસેવન
(૫) આચાર (૬) ધારણા (૭) દિવ્યદેશસેવન
(૮) પ્રાણક્રિયા (૯) મુદ્રા (૧૦) તર્પણ (૧૧) હવન
(૧૨) બલિ (૧૩) યાગ (૧૪) જપ (૧૫) ધ્યાન (૧૬) સમાધિ.

મંત્રસિદ્ધિના આ ૧૬ અંગોમાં
(૧૪) જપને (૧૫) ધ્યાનને અને (૧૬) સમાધિ (લય) ને
મહત્વનું સ્થાન આપાયું છે.

મંત્રની સિદ્ધિ માટે જે વિધાન છે, તે સાધકની
આસ્થાને દૃઢ કરી સુસફળતાને સુનિશ્ચિત બનાવે છે.

કઈ રીતે ખબર પડે કે મંત્રસાધના યોગ્ય રીતે થઈ રહી છે?

મંત્રાક્ષરોનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરવાથી મંત્રદેવતા ભક્તની સામે આવી હૃદયમાં પ્રવેશ કરતા ન હોય; ભક્ત પોતાની સાથે મધુર ભાષણ કરતા અને અંગેઅંગમાં આવી મળતાં કે તન્મય ભાવને પામતાં ન હોય, તેમ અનુભવાય છે.

જાપમાં અનુક્રમે નીચે પ્રમાણે અનુભવ થાય છે:

(૧) દર્શન (૨) પ્રવેશ (3) મિલન (૪) અભેદ - તાદાત્મ્ય.

આવો અનુભવ થાય, ત્યારે સમજવું કે

મંત્રની સાધના યોગ્ય રીતે થઈ રહી છે.

મંત્રના પ્રારંભમાં મંત્રદ્રષ્ટા ગણધર ભગવંતો અને ભદ્રબાહુ સ્વામી આદિનું સ્મરણ ધ્યાનવિધિ સૂચક છે.

નમ્રતાના માર્ગે જઈ ગણધર, તીર્થંકર અને મોક્ષપદ સુધી પહોંચી શકે છે, જાણે કોઈ વચલો માર્ગ છે જ નહિ. જો હોત તો નમસ્કાર મંત્ર સૌથી મોટો મંત્ર ગણાત નહીં.

નમસ્કાર ભાવનાં પર્યાયવાચી શબ્દો તરીકે ક્ષમાભાવ, દાનભાવ, પ્રશાન્તભાવ વગેરેને ગણાવી શકાય.

## મંત્રવિદ્યા - શું ખરેખર સત્ય છે?

મંત્રવિદ્યા જો સત્ય ન હોય,

તો મહાન વિરક્ત જૈનાચાર્ય વજ્રસ્વામી,
વાદિદેવસૂરિ, હેમચંદ્રાચાર્ય જેવા મહાપુરુષો તેના પ્રત્યે
આકર્ષાયા ન હોત કે તેના પ્રત્યે લક્ષ્ય આપ્યું ન હોત.
મંત્રાક્ષરોમાં રહેલ અપૂર્વ શક્તિને જાણવા - સમજવા
માટે જેટલું જોઈએ, તેટલું ધ્યાન ઉઠાવવામાં આવતું નથી.
મંત્રોના એક એક અક્ષરમાં અત્યંત શક્તિ છુપાયેલી છે.

મંત્રશાસ્ત્રમાં વૈજ્ઞાનિક રહસ્ય રહેલું છે.

જેટલા અક્ષર છે, તે બધા શક્તિશાળી છે.

તેના શબ્દ-મનનથી એક પ્રકારની અસર પેદા થાય છે.
શબ્દોમાં જગતને અસર કરવાની અપૂર્વશક્તિ છે જ.

વર્ણમાલા કે મૂળાક્ષરો કેવળ ઔપચારિક નથી.

મંત્રશક્તિની સાથે તેનો ગાઢ સંબંધ છે.

વર્ણમાલામાંનો પ્રત્યેક અક્ષર મનુષ્યના શરીર ઉપર
વર્ણોચ્ચાર મુજબ વિશિષ્ટ પ્રભાવ નાંખે છે.

## ચતુર્વિધ વાણીનું રહસ્ય શું?

વૈખરીવાણીનું સ્થાન છે મુખ, મધ્યમાવાણીનું કંઠ, પશ્યંતીવાણીનું હૃદય અને પરાવાણીનું નાભિ છે.

મૂળ વાણીનું સ્થાન નાભિ શા માટે?

કારણકે મૂળમાં નાભિ દ્વારા જ ગર્ભસ્થ બાળકને આ પિંડ બંધાય છે.

મૃત્યુ સમયે દુનિયાદાર મનુષ્યને નાભિનો શ્વાસ શરૂ થાય છે અને જીવનનું ચક્ર પૂરું થાય છે. સંતો વાણીને મનમાં, મનને પ્રાણમાં અને પ્રાણને મહાપ્રાણ આત્મામાં લય કરી દેહભાવથી પર થાય છે.

રવિ સાહેબ કહે છે કે:

'વાણી મનમેં, મન પ્રાણમેં, પ્રાણ આતમમેં, આતમપાહિ.'

મંત્રવાણીની આ વાણીથી પર એવા તત્ત્વમાં સ્વાભાવિક જ પરિસમાપ્તિ છે. મંત્ર આત્મવચનથી પર લઈ જતી વાણી છે. અંતઃકરણ ચતુષ્ટયનો સાજ સજી ભજન થાય, તો હરિને પણ સાંભળવાનું મન થાય.

અંતઃકરણ ચતુષ્ટયમાં પ્રથમ વાણી છે વૈખરી,
તેમાં સમજ અને બુદ્ધિ ભળે એટલે બને મધ્યમા,
બુદ્ધિની પાછળ જે ચિતિશક્તિ - અંતપ્રેરણા છે, તે છે
પશ્યંતી - પશ્યંતીને જોડનારી બની જાય છે દૃષ્ટા.
શુદ્ધ અસ્તિત્વનો રણકાર - ઓંકાર છે પરાવાણી.
એ મન - બુદ્ધિ - ચિત્તથી પર છે, તેથી 'પરા' કહેવાય. તે
પશ્યંતી, મધ્યમા અને વૈખરી - ત્રણેને સાંભળી શકે છે.
વૈખરીમાં જ્યારે પરાનો સાચો સ્પર્શ થાય છે,
ત્યારે ઋષિ - મુનિઓના કંઠે મંત્ર ઝરે છે.
वेदाहमेतं पुरुषं महान्तं, आदित्यवर्णं तमसः परस्तात् ।
એનો અર્થ એ છે કે : અંધકારથી પર,
સૂરજની જેમ પ્રકાશતાં એ મહત્ પુરુષને મેં પિછાણ્યો.
સાચો મંત્ર વૈખરીની હદ ઉપર, જ્યાં શબ્દ નથી
પહોંચતો, એવા પરાવાણીનું અનુસંધાન લઈ આવે છે.
શબ્દ અને સુરતા જેમ અત્યંતર ગતિ કરતાં જાય,
તેમ આ મહામિલનનો ઉત્સવ રચાતો આવે છે.

## મંત્રદેવતાદિ સાથેઓ ઐક્ય

દેવતા, ગુરુ તથા આત્માના ઐક્યનું જે મનન કરાવે અને એ દ્વારા જે જીવનું ત્રાણ કરે, તે 'મંત્ર' છે. મંત્ર એકબાજુ મન અને પવનનું આત્મા સાથે ઐક્ય કરી આપે - બીજી બાજુ મંત્રના મનન દ્વારા આત્મા પોતે ગુરુ અને દેવતા સાથે પોતાનું ઐક્ય સાધે છે.

મંત્રના અક્ષરોનો સંબંધ મન અને પવન સાથે છે.

મંત્રના અર્થનો સંબંધ દેવતા અને ગુરુપદ સાથે છે.

દેવતા - ગુરુ - મંત્રની એકતા થવાથી મંત્રચૈતન્ય પ્રગટે અને સર્વ ઈપ્સિત અથવા યથેષ્ટ ફળની સિદ્ધિ થાય છે. દેવતા અને ગુરુનો સંબંધ સકલ જીવરાશિ સાથે છે, તેથી જ આ મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બની જાય છે.

મંત્રને દેવની સાથે દેનારનો અને
ગુરુની સાથે દેખાડનારનો સંબંધ છે.

પરમાત્મા પોતે જ ઉપેયપદની જેમ
ઉપાયરૂપે - મંત્રરૂપે સ્ફુરિત થયેલા છે, એમ સમજવું.

## મંત્રોમાં રહેલ વિશિષ્ટ શક્તિનું રહસ્ય

મંત્રોમાં જે નિર્મળતા અને પવિત્રતા આવે છે,
તે સુમુનિઓમાં રહેલ એક વિશિષ્ટ પ્રકારની
અલૌકિક પ્રાતિભજ્ઞાનની શક્તિના કારણે આવે છે.
તેમના મુખમાંથી નીકળેલા મંત્રો અત્યંત વર્ચસ્વવાળા,
પવિત્ર ઉપરાંત સર્વસિદ્ધિપ્રદ હોય છે.
મંત્રદ્રષ્ટા મુનિઓ અમોઘ - તપોબળથી સહિત હોય છે,
તેમ સાધક પણ જો સત્ત્વગુણી હોય,
તો તે મંત્ર તુરંત જ ફળે છે.
મંત્રપ્રદાતા અને મંત્રસાધક -
બંને તત્ત્વના જાણકાર હોય, તો પણ મંત્ર તુરંત ફળે છે.
ધ્યેયમાં ઉપયોગની એકતા તે આલંબન છે.
એ જ એકતા આમ્નાય અનુસાર અને શ્રદ્ધાસહિત ક્રિયા
વડે સાધવામાં આવે, ત્યારે તેને સમાલંબન કહેવાય છે,
પછી પિંડસ્થાદિ રૂપ આલંબન લઈને
અનાલંબન નામના સૂક્ષ્મ યોગમાં પ્રવેશ કરાય છે.

મંત્રધ્યાન : નાભિકંઠાદિમાં આલંબનના આકારવાળો નહીં,
વિજાતીય વૃત્તિથી અસ્પૃષ્ટ એવો સજાતીય વૃત્તિનો
એકસરખો પ્રવાહ કે પ્રત્યયની એકતાનતા, તે 'ધ્યાન' છે.

ધ્યાનાવેશથી વિવશ કરાયેલ મંત્રપદ
વિઘ્નોનું સમૂલ ઉચ્છેદન કરે છે.

ધ્યેયવિષયક પરામર્શનું અનુસંધાન
સતત ચાલુ રહેવાથી ધ્યાનાવેશ ઉત્પન્ન થાય છે.

મંત્રાદિના ચિન્તન, સ્મરણ અને
ધ્યાનને જ મંત્રનું કાર્ય ગણાવ્યું છે.

ખરી રીતે અભેદભાવને જ મંત્રનું પરમ કાર્ય કહેલ છે,
તેના સાધનભૂત સ્મરણ આદિને ય 'મંત્રકાર્ય' કહે છે.

મંત્રજપ અને ભાવ માટે વિચારતાં 'મંત્ર'નો એક અર્થ
વિશિષ્ટ પ્રકારનો ભાવ જાગૃત કરવાવાળી શબ્દરચના છે.

મંત્રજપથી ભાવ ભાવો ઊંડા થઈ જાય છે અને
જે ભાવનો જપ કરવામાં આવે છે,
તે ભાવ ઉત્તરોત્તર શક્તિશાળી બનતો જાય છે.

તેમાંથી પ્રકટ થવાવાળા બિંદુને દેવતાનું જ્ઞાન કરે છે
અકૃતિ દેવતા સાધકનું સંતાન છે.
મંત્ર પ્રતિપાદિત દેવ એ મંત્રનો અર્થ છે.
વાચકની સાથે વાચ્યનો નિત્ય સંબંધ છે.
મંત્ર દ્વારા એ સંબંધ પ્રકટ થાય છે.
મંત્ર જપ અને તત્પ્રતિપાદિત દેવતાના ધ્યાન દ્વારા
મનની એકાગ્રતા થાય છે અને પછી પોતાના આત્મામાં
તે દેવતાનું દર્શન અથવા પ્રકાશ થાય છે.
સાધકની ચેતના જ મંત્ર દ્વારા વાક્રૂપ લે છે અને
જાગ - સુવા આદિ અવસ્થાને સુરક્ષા કરે છે.
મંત્રશક્તિ તથા સાધનાશક્તિ મળે, ત્યારે જ કાર્ય થાય છે.
શબ્દમાં 3 પ્રકારની બોધકશક્તિ: જ્ઞાન-ઇચ્છા-ક્રિયા.
કોઈ મંત્ર જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ કે ક્રિયાશક્તિ પ્રધાન,
કોઈ મંત્રમાં 3, ૨ કે ૧ પ્રકારની બોધકશક્તિ જ રહેય છે.
વિચારધારા અથવા ભાવધારાઓના પ્રવેગને શાંત કરવા
માટે આત્મસુરક્ષા મંત્ર જપ અને પૂજા-પાઠની જરૂર છે.

'પ્રાણપ્રતિષ્ઠા' એટલે શું ? તે કેવી રીતે થાય ?

જેનામાં પ્રાણ નથી, તેનામાં પ્રાણ રેડવો -
એનું નામ 'પ્રાણપ્રતિષ્ઠા.'
આ પ્રાણ રેડવાની ક્રિયા મંત્રબળ-ભાવનાબળથી થાય.
પવિત્ર બુદ્ધિથી આવા પ્રસંગો મંત્રોચ્ચાર અથવા
મંત્રજાપ કરી ભાવનાનો સ્રોત વહાવે છે.

સર્વ મંત્રો ફળીભૂત થવાનું કારણ ?

કોઈપણ મંત્ર અક્ષરરૂપ હોઈ શ્રુતજ્ઞાન સ્વરૂપ છે.
મંત્રજાપથી શ્રુતોપયોગ તીવ્ર બને, તેથી જ્ઞાનાવરણાદિ
કર્મો તૂટે છે અને આત્મશક્તિઓ પ્રગટ થાય છે.
મંત્રોનું મંત્રત્વ શ્રુતસ્વરૂપ હોઈ અવશ્ય ફળદાયી નીવડે,
તેમાં આશ્ચર્ય નથી. પાંચ જ્ઞાન મંગળ છે,
તેમાં શ્રુતજ્ઞાન આત્મગુણ હોઈ મંગળસ્વરૂપ છે,
તેથી વિઘ્નક્ષય અને ઈષ્ટસિદ્ધિ થવામાં કંઈ બાધક નથી.
મંત્રસાધના માટે સાગરના મોજાંઓની જેમ
ગુણગણથી સદા ઉછળતું ચિત્ત અનુકૂળ મનાયું છે.

જીવને આત્મપ્રત્યક્ષ અને આત્મસાક્ષાત્કાર કરાવવાર્થે
તૈયાર કરવાનું અદ્ભુત સાધન એક માત્ર મંત્ર છે.
મંત્ર દ્વારા મન એકાગ્ર, શુદ્ધ અને અંતર્મુખ બને છે,
જેથી મનમાં વિવેક - વૈરાગ્ય જાગી શમ, દમ, તિતિક્ષા,
ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન પ્રાપ્ત થાય છે, તેથી
અધ્યાત્મમાર્ગની યાત્રા આગળ વધે છે.

મંત્રનું પ્રધાન કાર્ય માનવની રક્ષા કરવાનું છે.
આધિ, વ્યાધિ અને ઉપાધિ
એ ત્રણેયની સામે મંત્ર રક્ષણ કરે છે.

મંત્રની સાધના માનવના મનને નિરર્થક ચિંતાઓથી
છોડાવે છે, માનવના શરીરને ચિંતા અને વિષાદથી
ઉત્પન્ન થતાં અનેક શારીરિક રોગોથી બચાવે છે અને
પ્રારબ્ધના યોગે આવી પડનારાં બાહ્ય સંકટો અને
અનિવાર્ય પ્રત્યવાયો - વિઘ્નો વખતે
મનને શાંત રાખી તેનાથી દૂર થવાના માર્ગો
શોધી કાઢવામાં સહાયકારક બહુ થાય છે.

## સાચા મંત્રોનો પ્રભાવ

સાચા મંત્રો દેહ, ગુરુ અને આત્માની સાથે તથા
બાજુ બાજુ મન, પવન અને આત્માની સાથે ઐક્ય
સાધવા આપનાર હોવાથી, તે સર્વ અંતરાયોનું નિવારણ
કરાવી અંતરાત્મભાવની પ્રાપ્તિ કરાવનારા થાય છે.
આત્માની પ્રતીતિ દૃઢ કરવા સાચા મંત્રનું આરાધન
પરમ સહાયભૂત થાય છે. મંત્રાક્ષરોનું ઉચ્ચારણ પ્રાણની
ગતિની નિયમિતતા કરીને મનને કાબૂમાં લાવે છે.
તે દેહ-ગુરુ તત્ત્વનો બોધ કરાવી શુદ્ધાત્મ તત્ત્વનું
ભાન કરાવે છે. સમ્યક્ ક્રિયા, જ્ઞાનની સાધના દ્વારા
સત્ય મંત્રો મોક્ષનાં અસાધારણ કારણ બને છે.
મંત્રસાધનાના પરિણામે આત્મસાક્ષાત્કાર થતાં, તેના
સંપર્કમાં આવનાર આત્માઓને પણ તે સત્ય માર્ગદર્શન
કરાવી અનેક આપત્તિમાંથી તેઓનો ઉદ્ધાર કરી શકે છે.
મંત્રસાધના માનવના સર્વાંગીણ આધ્યાત્મિક વિકાસમાં
સહાયભૂત થતી હોવાથી અત્યંત આદર કરવા યોગ્ય છે.

મંત્રાર્થનું માહાત્મ્ય કરે છે કે:
મોક્ષશાસ્ત્રનું મનન પણ એક પ્રકારે જપરૂપ જ છે.
આપણા વર્ણમાળાનો પ્રત્યેક વિભાગ
પૃથ્વી-જળ-તેજ-વાયુ અને આકાશનું અનુસરણ કરે છે.
'હું' અને 'સઃ' એ બે અક્ષરોનો જાપ
શ્વાસોચ્છ્વાસ દ્વારા દરેક જીવ કરે છે.
એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવાથી
શબ્દોનો અર્થ શિથિલ થઈ જાય છે.
મૂળ શબ્દમાં જે ગૌરવ હોય છે, તે ગૌરવ કદાપિ
ભાષાંતરમાં આવતું નથી. અર્થ સમજો, રૂઢ સમજો, કારણ
સમજો, તો આનંદ આવશે. મૂળસૂત્ર બીજી ભાષામાં
બદલી નાંખવાથી કાંઈ અર્થ સરવાનો નથી.
'પગ નીચે જ સોનાની ખાણ છે'
એમ સાંભળ્યા પછી કયો માનવી
કોદાળી - પાવડો ખરેખર ન ઉપાડે ?
જપ તેના અંગભૂત મંત્રનો અર્થ સમજીને કરવો હિતકર છે.

## :મંત્રનું વિશિષ્ટ વિજ્ઞાન:

### બે પ્રકારના મંત્રો

આગ્નેય મંત્ર = પૃથ્વી, અગ્નિ, આકાશમંડળવાળા.

સૌમ્ય મંત્ર = જળ તથા વાયુમંડળવાળા.

### મંત્રમાં પ્રકારફેર કઈ રીતે શક્ય?

અંતે ફટ્‌ના પ્રયોગથી સૌમ્ય મંત્રો પણ આગ્નેય અને અંતે નમઃ।ના પ્રયોગથી આગ્નેય પણ સૌમ્ય બને છે.

### મંત્રના ત્રણ લિંગ

જેને છેડે વષટ્ અને ફટ્ પલ્લવ આવે, તે પુલ્લિંગ મંત્રો, વૌષટ્ અને સ્વાહા આવે, તે સ્ત્રીલિંગ મંત્રો અને હું તથા નમઃ આવે, તે નપુંસકલિંગ મંત્રો છે.

### અક્ષરોની સંખ્યા પ્રમાણે મંત્રોના નામ

૧ થી ૯ અક્ષર સુધીના મંત્રોને 'બીજમંત્ર' કહેવાય.
૧૦ થી ૨૦ અક્ષર સુધીના મંત્રોને 'મંત્ર' કહેવાય.
૨૦ થી વધારે અક્ષરવાળા મંત્રોને 'માલામંત્ર' કહેવાય.

શ્રી નમસ્કાર મહામંત્ર એ શાશ્વત મંત્ર છે.

## બે મહાન મંત્ર - 'અર્હં' અને 'નમ'

એક ભવ અંધ બનતા વસ્તુને યથાર્થ રીતે જોઈ શકતો નથી.
અંધ બને તો દિવસના સાંજના ભાગમાં ઉત્તરાધ્યયન
સૂત્ર તથા સૂત્રકૃતાંગ સૂત્રના મૂળ પાઠો વિચારવા જેવા છે.

શબ્દ એ સાધકની ભાવનાઓની અભિવ્યક્તિરૂપ છે
અને મંત્રના શબ્દની સાથે થતો લય એ
શબ્દમાં રહેલી ભાવનાવિશુદ્ધિનો દ્યોતક બને છે.

શબ્દની તાકાત કરતાં પણ શબ્દરચનાની તાકાત
અધિક

બે શબ્દોનું અનુસંધાન અત્યંત પ્રબળ હોય છે.
આથી જે કાર્ય વર્ષોમાં નથી થઈ શકતું, તે કાર્ય
યોગ્ય શબ્દરચના દ્વારા થોડી જ ક્ષણોમાં થઈ શકે છે.
નમસ્કાર મહામંત્રમાં શબ્દોની રચના શ્રેષ્ઠતમ હોવાથી
તે મંત્ર નહીં, પરન્તુ મહામંત્ર બન્યો છે અને
એનાથી અસાધ્ય અથવા દુઃસાધ્ય ગણાતાં
કેટલાક કાર્યો પણ સહજમાં થઈ જતાં જોવાય છે.

# મંત્રજાપનો મહિમા

મંત્રજાપથી પ્રભુ જ શ્રદ્ધાને પાળે, પોષે અને વૃદ્ધિ કરે છે.

જ્યાં શ્રદ્ધા હોય, ત્યાં નમ્રતા હોય છે.

જેમ અન્નનો પ્રત્યેક ગ્રાસ ક્ષુધાનિવૃત્તિ, દેહેન્દ્રિયપુષ્ટિ અને સ્વાદનું સુખ આપે છે, તેમ મંત્રજાપ અલક્ષિતરૂપમાં અનિત્ય-વિષય-ભોગ-વૈરાગ્ય, નિત્ય ચિદાનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપ અનુભૂતિ અને તજ્જનિત અતીન્દ્રિય સુખાસ્વાદનો વિસ્તાર કરે છે. ભોજનના ફલસ્વરૂપ પ્રત્યેક ગ્રાસમાં ક્ષુધાનિવૃત્તિ અને દેહપુષ્ટિ રહેલા છે તથા તે જેમ અનેક ગ્રાસોના ફલસંચિત બાદ જણાય છે, તેમ નામજપનું આશ્ચર્યજનક ફળ દીર્ઘકાળના નિરન્તર સાધનાથી શુદ્ધ થયેલ અંતઃકરણમાં પ્રતિભાસિત થાય છે. હૃદય અને બુદ્ધિ સ્વચ્છ થયાં પછી જ નામની અંદર રહેલ અચિન્ત્ય ભાવસંપત્તિનો આસ્વાદ લઈ શકાય છે. સર્વોચ્ચ કલ્યાણ પર પહોંચવા માટે જે જે વસ્તુઓનું પ્રયોજન છે, તે બધી જ નામસાધનાથી સુલભ થાય છે.

મંત્રમાં શબ્દશક્તિ, પુરુષશક્તિ અને
પ્રત્યય - એ ત્રણેની સાથે અભેદબુદ્ધિ જરૂરી છે.
શબ્દ, અર્થ, પ્રત્યય અને એ ત્રણેનો
પુરુષની સાથે અભેદ મળીને પોતાનું કાર્ય કરે છે.
મંત્રજાપના અભ્યાસથી રજો - તમો મળ દૂર થાય છે,
ઈડા - પીંગળા ઠંડી પડે છે તથા સુષુમ્ણા ખૂલે છે.
બ્રહ્મશક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ ઉર્ધ્વ-
ગમન કરે છે. આ અવસ્થામાં અનાહતનાદના અનુભવનો
પ્રારંભ થાય છે. તેને મંત્રચૈતન્યનો ઉન્મેષ થયો કહેવાય છે.
વાચકપદ વડે વાચ્યનું સાતિશય પ્રણિધાન થાય છે.
'મંત્રચૈતન્ય' એટલે બ્રહ્મમય નાદશક્તિનો આવિર્ભાવ.
નાદાનના ભેદન પછી દેહાત્મભાવ સર્વથા નાશ પામે છે,
તેથી આત્માની મહાન શક્તિઓનો અનુભવ થાય છે.

## મંત્રકાર્ય ક્યારે પ્રકટે?

નાભિ - કંદ આદિ ચક્રોમાં મંત્ર અને બ્રહ્મશક્તિની
એકતા સિદ્ધ થાય, ત્યારે મંત્રનું કાર્ય પ્રકટ થાય છે.

મંત્ર વડે મનન, મૂર્તિ વડે દર્શન અને
આગમ વડે અનુસરણ થાય છે.

દરેક સિદ્ધ મંત્રમાં સકળ શ્રી સંઘની સમાપત્તિ
વાચકતા સંબંધથી રહેલી છે, મૂર્તિમાં તે જ સમાપત્તિ
સ્થાપકતા સંબંધથી રહેલી છે અને આપ્તવચનમાં
તે સમાપત્તિ, કારણતા સંબંધથી રહેલી છે.

મંત્ર વડે જ્ઞાન, મૂર્તિ વડે સમાપત્તિનું દર્શન અને
આજ્ઞાપાલન વડે તેનું સમ્યગ્ આચરણ થાય છે.

મંત્રમાં 'પરમાત્મ તુલ્ય આત્મા' એ અર્થને કહેનાર
શબ્દસમૂહને ગોઠવવામાં આવ્યો છે.

મંત્ર વડે 'પરમાત્મ સદૃશ આત્મા' છે, એ વાતનું મનન
અને જ્ઞાન થાય છે, મૂર્તિ વડે તેનું દર્શન થાય છે અને
આજ્ઞાપાલનના લક્ષ્ય વડે તેનું પ્રત્યક્ષ આચરણ થાય છે.

મંત્રથી મનનું પરિણામ સમ્યગ્ જ્ઞાનમાં આવે છે,
મંત્ર વડે ઉપયોગની શુદ્ધિ થાય છે તથા
આત્માના જ્ઞાન-દર્શન ગુણ નિર્મળ થાય છે.

## સહસ્રદલ કમલમાં વિધિવત્ ધ્યાન કરવાથી શું થાય ?

મંત્રરાજ અર્હંના અભિધેય શુદ્ધ સ્ફટિક સમાન નિર્મલ
પ્રથમ પરમેષ્ઠી શ્રી અરિહંત પરમાત્માનું
સહસ્રદલ કમલમાં વિધિવત્ ધ્યાન કરવું, તેથી...

(૧) ધ્યાનાવેશ ઉત્પન્ન થાય છે.

(૨) 'સોઽહં - સોઽહં' શબ્દો સહજ આલાપ પ્રાપ્ત થાય છે.

(3) આત્મા - પરમાત્મા વચ્ચેના ભેદના વિષયની સર્વ શંકાઓ વિલીન થાય છે.

(૪) આત્મા - પરમાત્મા વચ્ચેના અભેદનું અત્યંત સ્પષ્ટ - નિર્વિવાદાત્મક ભાન થાય છે.

'ૐ अर्हं नमः ।' એ આત્મસ્મરણ માટેનો મંત્ર છે.
આ મંત્રના ભાવપૂર્વક સ્મરણથી દ્રવ્યભાવપૂજન થાય છે.

'अर्हं = आत्मानम् ।'

હું આત્માનું બહુમાનપૂર્વક સ્મરણ કરું છું.

જેણે આત્માને ન જાણ્યો,
તેનું સમગ્ર વિશ્વને જાણવું, એ ન જાણ્યા બરાબર છે.

બ્રહ્મના બે પ્રકાર છે: શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ.

શબ્દબ્રહ્મને જાણીને, તેને ઓળંગીને,

પરબ્રહ્મને પામવું, એ મુમુક્ષુમાત્રનું લક્ષ્ય છે.

શબ્દબ્રહ્મને 'પરાવાણી' કહેવામાં આવે છે. એમાંથી જ
અનુક્રમે પશ્યંતી, મધ્યમા અને વૈખરી ઉત્પન્ન થાય છે.

યોગશાસ્ત્ર મુજબ 'શબ્દબ્રહ્મ' એટલે નાદ.

'अ' જેની આદિમાં તથા 'ह' જેના અંતે છે,
તે માતૃકા પટ્ટ શબ્દબ્રહ્મ છે, જેનું બીજ 'अर्हं' છે.

સ્થૂલ વર્ણો આધેય અને નાદરૂપ શબ્દબ્રહ્મ તે આધાર છે.

આધેયાત્મક ઉપર અંશના ત્યાગથી
આધારાત્મક પરમાક્ષરની સિદ્ધિ થાય છે.

अर्हं એટલે ધર્મકલ્પવૃક્ષ.

જેમ બીજમાં વટવૃક્ષ શક્તિથી રહે છે, તેમ
अर्हं તત્ત્વમાં સમગ્ર ધર્મકલ્પવૃક્ષ શક્તિરૂપે રહેલ છે.

સોઽહં કે अर्हं એવું જે શાસ્ત્રવચન તે જ મનન છે,
જે શાસ્ત્ર નિશ્ચયનયને જાણીને આત્મતત્ત્વમાં લીન કરાવે છે.

'આર્હન્ત્ય' એટલે અર્હં તત્ત્વના પાંચ કૃત્યો:

શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ - આ પાંચ
કૃત્યોની કર્તૃત્વ શક્તિ અર્હંના આર્હન્ત્યમાં રહેલી છે.
આર્હન્ત્ય જ યોગ - ક્ષેમંકર શક્તિનો મહાસ્રોત છે.
ઇતરો light of kindness કે માધુર્ય પ્રકાશ કહે છે.

આર્હન્ત્યના મૂળ અણુઓનો ધોધ સતત
વહ્યાં કરતો હોય છે, પરંતુ જ્યારે તેની અસર બ્રહ્માંડ
ઉપર ઓછી થવા લાગે, ત્યારે યોગ - ક્ષેમંકર કોઈ
ભવસ્થ કેવળી - તીર્થંકર કેવળી ઉત્પન્ન થાય છે.

વિવિધ પ્રકારના ચૈતન્ય મંત્રો શાસ્ત્રોમાં કહ્યાં છે,
તેમાંના મુખ્ય પાંચ પ્રકારના મંત્રોનું ફળ:

(૧) શાંતિમંત્ર ઉપસ્થિત ભયો અને ઉપદ્રવોને રોકે છે.
(૨) તુષ્ટિમંત્ર મનના મનોરથો પૂર્ણ કરે છે.
(૩) પુષ્ટિમંત્ર સૌના ચિત્તમાં ઉત્સાહ પ્રેરે છે.
(૪) સ્વસ્તિમંત્ર સાધકોનું યોગ ક્ષેમ કરે છે.
(૫) શિવમંત્ર સાધકોના અશુભનું નિવારણ કરે છે.

નિર્વિકલ્પ સંવિત્ પશ્યંતી અવસ્થામાં રહેલ છે, જે બિંદુસ્થાનમાં પ્રાપ્ત થાય છે. મંત્રની નિર્ગુણ, નિષ્કલ, સૂક્ષ્મ અવસ્થાઓનો પ્રારંભ બિંદુસ્થાનથી જ થાય છે.

બિંદુનું સ્થાન આજ્ઞાચક્ર યા ભ્રૂમધ્યમાં છે.

વિમર્શ = અવિકલ્પ. સંવિત્ = પશ્યંતી.

તેમાં ઇષ્ટદેવતાની સાથે અભેદ સધાયેલ રહેલ છે, તેથી તેને જ્યોતિરૂપ પણ કહે છે.

તે મંત્રની શબ્દરૂપ, હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ અવસ્થાઓથી પર છે અને બિંદુસ્થાનમાં મંત્રનો પ્રવેશ થતાં જ રાગ - દ્વેષ ઘટે, મનઃપ્રસાદ વધે, જ્યોતિરૂપતા આવે. તે મંત્રદેવતાના સ્વરૂપને ઘનિષ્ઠ કરી યોગક્ષેમ કરે છે. સ્વકીય પ્રકાશથી દ્યોતમાન હોવાથી દેવતારૂપ કહેવાય છે.

અર્હં અક્ષર સર્વ વ્યાપક છે.

તેનું પદસ્થ આલંબન લેતાં શીખવું જોઈએ. એમ જ અર્હં શબ્દને શ્રુત, ચિન્તા, ભાવનાજ્ઞાનથી સુજ્ઞાત અને સુપ્રયુક્ત કરવામાં આવે, તો મોક્ષપર્યંતનાં ફળ આપે છે.

निर्बीजमक्षरं नास्ति नास्ति मूलमनौषधं ।
निर्धना पृथ्वी नास्ति आम्नायाः खलु दुर्लभाः ॥

અર્થાત્ઃ દરેક અક્ષર મંત્રબીજસ્વરૂપ હોય છે, દરેક મૂળીયા ઔષધી સ્વરૂપ હોય છે, પૃથ્વીના દરેક સ્થાને ધન રહેલું હોય છે, માત્ર તેનો આમ્નાય દુર્લભ હોય છે.

'આમ્નાય' એટલે તે તે વસ્તુનું ગૂઢ રાઝ.

કોઈ લક્ષ્મીપ્રાપ્તિ, કોઈ શત્રુનાશ, કોઈ વિદ્યાસિદ્ધિ, તો કોઈ મંત્રો કામણ કે વશીકરણ માટે હોય છે.

મંત્રજાપ કરતાં ફળ ન મળે કે વિલંબે મળે, ત્યારે પોતાની ભૂલ કબૂલ નહીં કરતાં મંત્રને દૂષિત ઠરાવવો, તે ચોર કોટવાલને દંડે તેવો ન્યાય છે.

મંત્રસાધના કરનારે શેનો શેનો ત્યાગ કરવો જોઈએ?

કામ, ક્રોધ, લોભ, મદ, માયા, કપટ, સ્વાદ તથા શૃંગાર રૂપી ૮ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ.

કૌતુક અને સ્ત્રીસંગને છોડીને મન - વચન - કાયાની એકાગ્રતાપૂર્વક મંત્ર ભણવો, પરંતુ શ્રદ્ધા પહેલાં જોઈએ.

'મન - મંત્ર - પ્રભુ એ આત્માનો વ્યાપાર છે'
આવી સમજણ એ ગુરુની એકતાથી સ્પષ્ટ થાય છે.
એ સમજણ આત્મા બાદ અંતરાત્મભાવ રૂપી ગુરુ અને
પરમાત્મભાવ રૂપી દેવ - બંનેનું સ્વરૂપ પ્રગટ થાય છે.
ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રભુનું
ઐક્યભાવન સાધનાનું કારણ બને છે.
આ ભાવનાને તાત્વિક વિમર્શ કહેવાય છે,
તેથી મંત્રચૈતન્ય શાશ્વતઃ પ્રકટે છે.
જો મંત્રો નિર્મળ અને પવિત્ર ન હોય,
તો વિશિષ્ટ પ્રકારે સિદ્ધિ થતી નથી.

By mantra jaap, we obtain Grace.
It isn't by the endeavour but by grace.
This grace can be secured only by the
worship, which is પરંપરા સાધન of the
attainment of life's highest goal.

મંત્રમાં જે નિર્મળતા-પવિત્રતા આવે છે, તે સુમુનિઓમાં રહેલ અભેદ પ્રણિધાનની વિશેષ શક્તિથી આવે છે.

આવા સુમુનિઓના મુખમાંથી નીકળેલા મંત્રો અત્યંત વીર્યવાળા, નિર્મળ, પવિત્ર અને સર્વ સિદ્ધિપ્રદ હોય છે.

જેમ મંત્રના દ્રષ્ટા મુનિઓ રજોગુણ-તમોગુણથી રહિત, સત્વગુણી હોય છે, તેમ સાધક પણ સત્વગુણી હોય, તો તેને મંત્ર અલ્પકાળમાં ફળે છે.

સર્વ કર્મોને વિષે તત્ત્વના જાણકાર પુરુષને શ્રેષ્ઠ કહે છે.

મંત્રપ્રદાતા ગુરુ અને સાધક બે તત્ત્વના જાણકાર હોય, તો મંત્ર શીઘ્રપણે ફળે છે.

મંત્રનું અંતર્જલ્પરૂપ મનન કરવાથી રક્ષણ થાય છે અને તે પરતત્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે, તેથી તે પરમાત્મા જ છે, જેથી ઉપેયપદની જેમ ઉપાયરૂપ મંત્રરૂપે સ્ફુરિત થયાં છે.

જપ એ વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

પદ પોતાની સ્થૂળ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ અવસ્થાને પામે, ત્યારે તે જ દેવતાસ્વરૂપ બની જાય છે.

મંત્રચૈતન્યનું પ્રાગટ્ય એટલે શું ?

મંત્ર જ્યારે ચૈતન્યના પ્રવાહમાં ભળે, ત્યારે અથવા મંત્રનો બહુલિમલ - અક્ષરમલ દૂર થયાં પછી જ શક્તિનું શિવ સાથે - પરમતત્ત્વ સાથે અનુસંધાન થાય છે.

આ રીતે શક્તિનું શિવ સાથે સમન્વિત થવું,
તે મંત્રચૈતન્યનું પ્રાગટ્ય છે.

કેમ ખબર પડે કે મંત્રચૈતન્ય પ્રગટ થયું ?

મુદશ્રુ પરિપૂર્ણ લોચન અને રોમાંચાંચિત વપુ - એ જાપ પછી મંત્રચૈતન્ય પ્રગટ થયાંના બાહ્ય ચિહ્નો છે.

આ રીતિએ મંત્રચૈતન્ય પ્રગટે, ત્યારે સાધક પોતે મંત્રમય - અક્ષર - પદ - શક્તિસ્વરૂપ બની જાય છે.

મંત્ર = અધ્યાત્મના શિખર ઉપર પહોંચવાની લાકડી.

ટોચ ઉપર પહોંચ્યા પછી લાકડીની જરૂર નહિ.

મંત્ર શબ્દ - મન - પ્રભુ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

મંત્રદેવતાના સ્વરૂપચિન્તનને 'મંત્રાર્થ' કહેવાય છે.

મંત્રની સાથે સાધકનો અભેદ તે મંત્રાર્થની પ્રાપ્તિ છે.

## મંત્રચૈતન્યની પ્રાપ્તિ કઈ રીતે ?

મંત્રદેવતાનું અભેદ ચિંતન એ મંત્રાર્થની પ્રાપ્તિ છે. આ અભેદ ચિંતન ચાલુ રહેતાં મંત્રનો પ્રત્યેક વર્ણ ચૈતન્યમય બને છે, જે સાધકના ચૈતન્યમાં ભળી જતાં મંત્રચૈતન્ય પ્રાપ્ત થાય છે. મંત્રચૈતન્યનું પ્રગટવું જ સિદ્ધિનું મૂળ છે.

તેનાથી પછી સર્વ ઈચ્છિત કાર્યો થવા લાગે છે.

મંત્રોનો સંબંધ મનનશક્તિ સાથે છે,

મનનશક્તિ સાત્ત્વિક ચિત્તમાં રહે છે.

રજો-તમોમલ નાશથી ચિત્તમાં સત્ત્વગુણ ઉદય પામે છે.

સાત્ત્વિક ચિત્તવાળાને જ સર્વ પ્રશસ્ત સિદ્ધિઓ વરે છે.

જપ આદિ દ્વારા પદ-અર્થ-શબ્દની શુદ્ધિ થાય છે. તે શુદ્ધ થાય, ત્યારે મધ્યમાદિ દિવ્ય વાણીઓમાં પરિણમે. એક પણ પદ જો સમ્યક્પણે શુદ્ધ કરાય, તો તેના પ્રભાવથી ધ્યાતાને સિદ્ધિઓ વરે છે. એક જ શબ્દને સારી રીતે જાણવા શ્રુત-ચિંતા-ભાવનાની જરૂર છે, તેથી સમ્યક્ પ્રયોગ કરવા ખૂબ ઘણી સામગ્રી જોઈએ.

## મંત્રચૈતન્ય ક્યારે પ્રગટ્યું ગણાય ?

**મંત્રચૈતન્ય = પ્રભુમય (પરા) નાદશક્તિનો આવિર્ભાવ.**

'ॐ अर्हं' આદિ સત્ય મંત્રો એક બાજુથી
દેવ - ગુરુ - આત્માનું ઐક્ય સધાવે છે, બીજી બાજુ
આત્માની સાથે મંત્ર - મન - પ્રભુનું ઐક્ય સધાવાને
અંતે મન પોતે જ દેવ, પ્રભુ પોતે જ ગુરુ અને
મંત્ર દ્વારા આત્મા પોતે જ તે બન્નેથી અભિન્ન
પ્રતીત થાય છે, ત્યારે મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

મંત્રદીક્ષા એ આધ્યાત્મિક જન્મ છે.

દુન્યવી મટવું તે આધ્યાત્મિક જન્મ.

નામસ્મરણથી પ્રેમ ઉદ્ભવે છે, પ્રેમમાંથી ભક્તિ,
ભક્તિમાંથી લય અને લય એ સમાધિમાં પરિણમે છે.

સાક્ષાત્કાર એ ધ્યાનનું અંતિમ ફળ છે.

જગત એ કર્મનો પાર્થિવ દેખાવ છે.

મંત્ર વડે મનનું બહિર્મુખ વલણ રોકીને
મનને અંતર્મુખ કરવાનું કાર્ય થાય છે.

મંત્રનું ઉચ્ચારણ જેટલું સૂક્ષ્મ, તેટલી શક્તિ વધારે.

મંત્રના હ્રસ્વ ઉચ્ચારણથી ૯ બિંદુઓ,
દીર્ઘ ઉચ્ચારણથી ૧૨ બિંદુઓ અને પ્લુત ઉચ્ચારણથી
બ્રહ્મરંધ્રના ૧૬ બિંદુઓ પ્લાવિત થાય છે.
તેને 'અમૃતસ્રાવ' પણ કહે છે.

મંત્ર અને મન એક થવા જોઈએ, તે વિધિ છે.
એ એકતાને 'મંત્રચૈતન્યનો આવિર્ભાવ' કહે છે.

શ્રદ્ધા પ્રતીતિ સાધ્યમાં અને વિશ્વાસ ભક્તિ સાધ્યમાં છે.
શ્રદ્ધા Subjective અને વિશ્વાસ objective છે.

અજ્ઞાની અને અશ્રદ્ધાળુને
કોઈ મહાન વસ્તુની પ્રાપ્તિ થતી નથી.

એક વરદાન કયું માંગવું ?

ભગવાનનું નામ યોગક્ષેમકારક થાય છે.
નામાભ્યાસથી મનની વિષય - વાસના દૂર થાય છે.
વરદાન માંગવું હોય, તો એક જ માંગવું કે:
'આપના નામનો મને કદી પણ વિયોગ ન થાઓ.'

મંત્રાર્થની પ્રાપ્તિ કર્યા પછી મંત્રચૈતન્યના પુરુષાર્થ કરી
મંત્રચૈતન્ય પ્રાપ્ત કર્યા પછી જ સંતોષ માનવો જોઈએ.

માનવજીવનમાં અત્યંત મહત્ત્વની બે વસ્તુ:
મંત્રની શક્તિ અને ઉદાત્ત શિવ સંકલ્પો.

મંત્રચૈતન્યની વિશિષ્ટ પ્રક્રિયા એટલે...
મંત્રનું ચૈતન્યના અવિચ્છિન્ન પ્રવાહમાં જોડાઈ જવું.
ત્યારે દર્શનો થાય અને દેહમાં રોમાંચ અનુભવાય છે,
તેથી મંત્રચૈતન્ય પ્રગટ થયાનું અનુમાન કરી શકાય છે.
મનુષ્યનું શરીર પાર્થિવ છે તથા મન દૈવી છે. એ રીતે
પાર્થિવ અને દૈવી તત્ત્વનો અદ્ભુત સંયોગ થયેલો છે.
કોઈપણ દૈવી વસ્તુનો જો યથાર્થ ઉપયોગ થાય,
તો તેનાથી અચિન્ત્ય કાર્યો કરી શકાય છે.
મંત્રનો એક અર્થ *Suggestion* સૂચન પણ થાય,
જેના વારંવાર પ્રયોગથી અંતરમન ઉપર અસર પહોંચે.
જેનું વારંવાર મનન કરવાથી વિવિધ ભયોથી રક્ષણ થાય,
તેવા દેવાધિષ્ઠિત વિશિષ્ટ શબ્દરચનાઓ 'મંત્ર' છે.

મંત્રચૈતન્ય એટલે...

મંત્રનો અર્થ અને મંત્રદેવતાની અનુભૂતિનું એકીકરણ.

મંત્રના પાંચ પ્રકારના ભેદ

(૧) પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ.

(૨) સિદ્ધ, સાધ્ય, સુસિદ્ધ, અરિમંત્ર.

(3) પિંડ, કર્તરી, બીજ અને માલામંત્ર.

(૪) સાત્ત્વિક, રાજસ અને તામસમંત્ર.

(૫) શાબર અને ડામરમંત્ર.

મંત્રજપની ક્રિયા માનસિક રીતે, મધ્યરાત્રિના સમયે નદીના તટ સમીપે, પવિત્ર - નિર્જન સ્થાને, ઉપરાંત ગ્રહણના દિવસે અથવા દિવાળી પર્વે થવા જોઈએ.

એક શ્વાસમાં દેવાયુ અને નરકાયુનો બંધ

કોઈપણ શ્વાસ પુણ્ય - પાપરહિત હોતો નથી.

૧ શ્વાસમાં ૨૪૫૪૦૮ ૪/૯ પલ્યોપમનો બંધ.

૮ શ્વાસમાં ૧૯૬૩૨૬૭ પલ્યોપમનો બંધ.

૨૫ શ્વાસમાં ૬૧૩૫૨૧૦ પલ્યોપમસાધિકનો બંધ.

## 'મંત્રચૈતન્યની પ્રાપ્તિ' એટલે શું ?

મંત્ર એ સૂક્ષ્મશરીર છે અને તેમાં વાસના અહિત શક્તિનો અંશ રહેલો છે, તે પરશરીર છે.

દેવતાના પૂજન વડે ભક્તિની અભિવ્યક્તિ થાય છે અને તેથી સાધકનું અધ્યાત્મ વધે છે.

મંત્રાક્ષરોનું હૃદયદેશ અથવા અંતઃકરણમાં પ્રવેશ થવું, તેનાથી જન્મ - જન્માંતરીય પાપોનું પ્રક્ષાલન, ભક્તિ તથા ભાવનો ઉદય અને જે સુષુપ્ત ચેતનાશક્તિ જાગ્રત થાય, તેને 'મંત્રચૈતન્યની પ્રાપ્તિ' કહેવાય છે.

## શબ્દબ્રહ્મ દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ

શબ્દબ્રહ્મ રૂપ અર્હં તો વિશ્વપુરુષની નાભિમાં છે. યોગી પુરુષો નાભિમાંથી 'અર્હં'ના ધ્યાનનો પ્રારંભ કરે છે, ત્યાંથી જ નાદનું ઉત્થાન થાય છે અને તે અર્હંતની શક્તિરૂપ છે. એ નાદબ્રહ્મ દ્વારા મેરૂદંડના માર્ગે થઈને જ્યારે સહસ્રારમાં પહોંચાય, ત્યારે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય અહિત અર્હંત દ્વારા સિદ્ધનો સાક્ષાત્કાર થાય.

## ચૈતન્યમંત્ર અથવા સિદ્ધમંત્ર

ઋષિમુનિઓએ મનન કરીને જે મંત્ર વડે
મહાસામર્થ્ય પ્રાપ્ત કર્યું અને ગુરુત્વને પામ્યાં,
તે ચૈતન્યમંત્ર અથવા સિદ્ધમંત્ર કહેવાય.

સુષુપ્ત આંતરશક્તિને જગાડે, તે ચૈતન્યમંત્ર.

એવા મંત્ર તુરત ફળ આપે છે.
મંત્ર એ ચૈતન્ય જ છે, જડ નહિ.
મંત્ર એ ભગવાનનું જ સ્વરૂપ છે.
'મંત્રો મદ્રૂપઃ ।' નામ અને નામી એક જ છે.

'ચેતનમંત્ર' કોને કહેવાય?

મંત્રપ્રદાતાને જે મંત્ર ફળ્યો હોય,
તે મંત્ર 'ચેતન મંત્ર' કહેવાય.
પ્રથમ મંત્રદ્રષ્ટા ઋષિને અને મંત્રપ્રદાતા ગુરુને
જે મંત્ર ફળ્યો છે અને તે મંત્ર ભક્તને આપે છે,
તો તે મંત્ર 'ચેતનમંત્ર' કહેવાય છે.
મંત્રચૈતન્યથી યુક્ત મંત્ર, તે 'ચેતનમંત્ર' છે.

મંત્રચૈતન્ય = પ્રાણમય નાદશક્તિનો આવિર્ભાવ.

શબ્દોને અનુસાર ચિત્તના પ્રકારે, ચમત્કારી ફળ.

નવકાર ગણતાં શરીર રોમાંચિત, મુખ પ્રફુલ્લિત - હૃદય વિકસ્વર થવું જોઈએ, તો મંત્રચૈતન્ય પ્રગટ થયું ગણાય.

ઉન્મના અવસ્થામાં મન, માત્રા અથવા કાળ, દિશા વગેરે કશું જ નહિ. તે પરમાનંદની ભૂમિ છે.

મંત્રનું ચૈતન્ય પ્રગટાવવા માટે પુરશ્ચરણાદિની જરૂર છે.

નાદ એ પરાવાણીનું પ્રકટ સ્વરૂપ છે. પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એ નાદની જ ભિન્ન-ભિન્ન અવસ્થા છે.

જેણે પણ મંત્રને અનાહતયુક્ત કરવો હોય, તેણે એકાગ્રતાપૂર્વક લયયોગની સાધના કરવી જોઈએ.

શક્તિના આ જાગરણને 'મંત્રચૈતન્ય' કહે છે.

ધનનું રક્ષણ જેમ તીજોરીથી, તનનું રક્ષણ ઘરથી, તેમ મનનું રક્ષણ મંત્રથી થાય છે.

જેમ ધન-તનનું મહત્ત્વ સમજાય છે, તેમ મનનું પણ સાચું મહત્ત્વ સમજાય તો મંત્રનું પણ મહાત્મ્ય લક્ષ્યમાં આવે.

मंत्रार्थं मंत्रचैतन्यं यो न जानाति तत्त्वतः ।
शतलक्षप्रजप्तोऽपि तस्य मंत्रो न सिध्यति ॥

પ્રાણ ન રહેવાથી દેહ જેમ કાર્ય કરવાને અશક્ત છે, તેમ પ્રાણશક્તિનો ઉદ્બોધ ન થવાથી સેંકડો પુરશ્ચરણો કરવા છતાં મંત્રજાપ દ્વારા સિદ્ધિનો લાભ મળતો નથી. પ્રાણશક્તિથી જેમ મૃણ્મયમૂર્તિમાં ચિન્મય મૂર્તિનાં દર્શન થઈ શકે છે, તેમ મંત્રચૈતન્ય પ્રગટવાથી અક્ષરો ચિન્મય બનીને સ્વસ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નીવડે છે.

## મંત્રચૈતન્યનું ગૂઢ રહસ્ય

વર્ણોનો મન સાથે, મનનો વ્યક્તિગત પ્રાણની સાથે અને વ્યક્તિગત પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથે સંબંધ છે. પ્રાણથી મનનો - મનના નિરોધથી પ્રાણનો નિરોધ થાય. પ્રાણ અને મનનો નિરોધ થવાથી મંત્રચૈતન્ય પ્રગટે છે.
Sound octave = 8 સ્વરોનો સમૂહ = અનાહતનાદ.

પરમ ભાવ તત્ત્વની પુનઃપુનઃ ભાવના કરવી,
તે આન્તરજપ અથવા નાદની પ્રકટાવસ્થા છે.

મંત્રના શબ્દોમાં પ્રભુનો વિનિયોગ થતાં
મન અને બુદ્ધિનું પ્રભુતત્ત્વમાં રૂપાંતર થાય છે.
શ્વાસ - પ્રશ્વાસ મનની જ ક્રિયારૂપ બની જતાં
મનનાં સંકલ્પ - વિકલ્પો શાંત થાય છે તથા
મન, મંત્ર અને પ્રભુ ત્રણેની એકતાનો અનુભવ થાય છે.
આહત પ્રભુ અને આહત ધ્વનિ
અનાહત પ્રભુ અને અનાહત ધ્વનિમાં લીન થતાં
આત્મશક્તિ આવિર્ભૂત થાય છે અને તેમ થતાં
મંત્રદેવતા અને મંત્રસાધક વચ્ચે ભેદનો છેદ થાય છે.
તાત્ત્વિક મંત્રદેવતા આત્મગત પરા - પશ્યંતી છે અને
તે શક્તિ જ સાધકના યોગ - ક્ષેમ કરે છે.
શ્વાસોચ્છ્વાસમાં સંવાદિતા પ્રગટે પછી તાદાત્મ્ય થાય
અને પૂજા, જપ, ધ્યાન વગેરે પ્રભુવંતા બને છે.
જો સંયમપૂર્વક શ્વાસોચ્છ્વાસની સાથે
મંત્રજપને કરવામાં આવે, તો તાદાત્મ્ય સધાય,
રસાનુભૂતિ પ્રગટે અને મંત્રચૈતન્યની ઝાંખી થાય.

મંત્રનો શાબ્દિક અર્થ ઇષ્ટદેવની પરમ સ્તુતિ છે.
માંત્રિક = દેવ - ગુરુ - આત્માની એકતા અને તેનું ભાન,
જે મંત્રના પુનઃ પુનઃ રટણથી જાગ્રત થાય છે, તેથી
રાગ-દ્વેષનો વિલય અને ચિત્તની સમાધિ સિદ્ધ થાય છે.

'મંત્રચૈતન્ય' તેને કહેવાય...
કે જેમાં દેવ - ગુરુ - આત્માની એકતાનો અનુભવ થાય.
એ એકતામાં જ શાંતિ, સુખ અને આનંદ રહેલા છે.
એવી એકતા સિદ્ધ કરવી,
એ જ મંત્રસાધનાનું મુખ્ય લક્ષ્ય છે.

સ્મરણ કરાતો મંત્ર, સેવન કરાતો મણિ અને
અભ્યાસ કરાતી વિદ્યા અવશ્ય લાભ કરે છે.

મંત્રનો અર્થ દેવતા અને ગુરુ સાથે સંબંધ રાખે છે,
એ રીતે દેવતા, ગુરુ અને મંત્રની એકતા સાધવાથી
મંત્રચૈતન્ય પ્રગટે છે અને યથેષ્ટ ફલની સિદ્ધિ થાય છે.
દેવતા અને ગુરુનો સંબંધ સકલ જનસૃષ્ટિ સાથે છે,
તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બને છે.

મંત્રનો અર્થ એટલે મંત્રવાચ્ય દેવતાનું સ્વરૂપ અને ભાવન એટલે અભેદ ચિન્તન.

અર્થ અનેક પ્રકારનાં છે : શબ્દાર્થ - ભાવાર્થ - સંપ્રદાયાર્થ તથા નિગૂઢાર્થ એટલે જે ગૂઢ અને તાત્ત્વિક અર્થ જે 'મંત્ર અને મંત્રદેવતા એક જ છે' એવી અભેદબુદ્ધિ.

'मन्त्रार्थो देवतारूपचिन्तनं परमेश्वरि ।
वाच्यवाचक भावेनाऽभेदो मंत्रदेवतयोः' ॥१॥

અર્થાત્ઃ મંત્રદેવતાના સ્વરૂપચિંતનને 'મંત્રાર્થ' કહેવાય છે.
મંત્રના અક્ષરો એ જ મંત્રદેવતાનું સ્વરૂપ છે.

ભાવાર્થ અને સંપ્રદાયાર્થની પ્રાપ્તિ પછી જ નિગૂઢાર્થની પ્રાપ્તિ થાય છે. મંત્રનો કાલિમા દૂર થતાં તે શક્તિરૂપે યા દેવતારૂપે ભાસે છે. ચૈતન્યનો મહાપ્રવાહ અંદર ચાલુ રહે છે, તેની સાથે મંત્ર અને મંત્રદેવતા જોડાઈ જાય છે. ચૈતન્યમાં મંત્રનું સમાઈ જવું, તેને મંત્રચૈતન્ય કહે છે.

વાચકની સાથે અભેદ ચિન્તન, તે મંત્રાર્થ છે.
વાચ્યની સાથે અભેદ ચિન્તન, તે મંત્રચૈતન્ય છે.

❖ नानाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन् अर्हतः समुपास्महे ॥१॥
परमेट्ठि णमोक्कारो 'अरहं' तिवि अक्खरोहि जो सरहि।
ते लंघिय सव्वभवा सिद्धिसिद्धिजुया हुंति ॥२॥
- श्री हेमचंद्राचार्य - तेरस मेय नवकार पडलं
❖ अर्हं स्वं पश्यति सोऽत्र योगीन्द्रः ।
❖ स्मर जिनपतिकल्पं मन्त्रराजं यतीन्द्र !।
अर्हं मेरुप्रमाणस्मत्तदुभवसिद्धिसाम्राज्यम्।
❖ मंत्रराजसमुद्भूताऽनाहत - स्थित चेतसः ।
सिध्यन्ति सिद्धयः सर्वा अणिमाद्याः स्वयं यतेः ॥
(अर्हं) मंत्रतनुः जिनपतिः साक्षात् ।
❖ अकारादि हकारान्ता प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता ऋषभेण महात्मना ॥
❖ एकाक्षरं तस्यां तत्त्वरूपं समाश्रितम् ।
तत्राऽपि त्रीणि तत्त्वानि येषु तिष्ठति सर्ववित् ॥
- श्री जयसिंहसूरि विरचित धर्मोपदेशमाला

## सरस्वती स्तुति

नमस्ते शारदादेवि काश्मीर पुरवासिनि।
त्वामहं प्रार्थये नित्यं विद्यादानं प्रदेहि मे ॥

❖

शुभ्र करी श्वेताम्बरी, मनःपर्यव प्रकाश ।
मनशक्ति सामर्थ्य से, सृजन करे आकाश ॥
शुभदा केवलज्ञान से, करे जगत कल्याण ।
सृजन करे गति पंचमी, पाए पद निर्वाण ॥

❖

सरस्वति ! नमस्तुभ्यं वरदे ! कामरूपिणि ।
विद्यारम्भं करिष्यामि सिद्धिर्भवतु मे सदा ॥

❖

नमो भगवति ! हे सरस्वति ! वन्दे तव पदयुगलम्।
विद्यां बुद्धिं वितनु भारति, चित्तं कारय मम विमलम्॥
वीणावादिनि शुभमतिदायिनि पुस्तकहस्ते देवनुते।
वर्णज्ञानं सकलनिदानं सन्निहितं कुरु मम चित्ते ॥

सरस्वति महाभागे ! विद्ये ! कमललोचने ।
विश्वरूपे विशालाक्षि विद्यां देहि नमोऽस्तु ते ॥

❖

सुवर्ण-शालिनी देयात् द्वादशांगी जिनोद्भवा ।
श्रुतदेवी सदा मह्यमशेषां श्रुत - सम्पदम् ॥

❖


कमलदल विपुलनयना,
कमलमुखी कमल-गर्भ-समगौरी ।
कमले स्थिता भगवती,
ददातु श्रुतदेवता सौख्यम् ॥


❖

सरस्वती ! नमस्तुभ्यं, भुक्तिमुक्तिप्रदायिनि ।
त्वं विज्ञानवती पूर्णा, आद्या हि मम चेतसि ॥

❖

शारदा शारदाम्भोजवदना वदनाम्बुजे ।
सर्वदा सर्वदाऽस्माकं सन्निधिं सन्निधिं क्रियात् ॥


ॐ
ॐ
हं
यं
रं
वं
लं




પૃથ્વીતત્ત્વનો રંગ લાલ છે.
તેનું બીજ लं છે, તેનું ધ્યાન ધરવાથી
તેના ધ્યાન શરીર હલકું - ભાર વિનાનું લાગે છે.

www.fiestadesigns.in